વર્ષ : ૩૫
અંક : ૩
માર્ચ-૨૦૧૧

Retail Price Rs. 5/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# दिव्यध्वनि

આધ્યાત્મિક મુખપત્ર

तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम् ।




સર્વગુણાંશ તે સમ્યક્ત્વ

"અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર." - શ્રીમદ્ રાજચંદ્રજી

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪  ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : srask@rediffmail.com, Web.: www.shrimad-koba.org

## સંસ્કાર-સિંચન, શિક્ષણ અને સર્વાંગી જીવનવિકાસની

# વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સગવડ

જૂન-૨૦૧૧થી પ્રારંભ થતા સત્રથી, આપણી સંસ્થાના નવનિર્મિત, શૈક્ષણિક સુવિધાઓથી યુક્ત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ' માં ધોરણ ૫ થી ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની ઉત્તમ તક પ્રાપ્ત થઈ શકશે, જેની કેટલીક વિગતો નીચે મુજબ છે :

(૧) પૂજ્ય સંતશ્રી આત્માનંદજીનું પાવન સાન્નિધ્ય પ્રાપ્ત થશે.

(૨) વિદ્યાર્થીઓની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૦,૦૦૦/- (દસ હજાર પૂરા) રહેશે.

(3) માત્ર વિદ્યાર્થી ભાઈઓને જ પ્રવેશ મળશે.

(૪) મોટા સ્વચ્છ રૂમમાં પલંગ, કબાટ, ટેબલ, નાઈટલેમ્પ વગેરે સહિત આવાસની સગવડ.

(૫) શુદ્ધ, સાત્ત્વિક, રુચિકર, આરોગ્યપ્રદ ભોજન અને નિયમિત દૂધ-છાશની સુવિધા.

(૬) અનુભવી, બાળપ્રેમી, પૂર્ણ સમયના ગૃહપતિ તથા પ્રાઈવેટ ટ્યુશનની સગવડ.

(૭) ચાલુ શિક્ષણ ઉપરાંત,
- (A) રમત-ગમતના સાધનો
- (B) ઈતર વાચનની પ્રવૃત્તિ
- (C) પ્રેરણાદાયી વાર્તાઓનું આયોજન
- (D) ધર્મ અને નીતિનું શિક્ષણ
- (E) શાંત, પર્યાવરણસભર, સ્વચ્છ, કુદરતી વાતાવરણ (સાબરમતી નદીથી નજીક)

(૮) વિદ્યાર્થીના ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ હોવા જરૂરી છે.

(૯) પ્રવેશફોર્મ તા. ૨૦ માર્ચથી સંસ્થાના કાર્યાલયમાંથી ઉપલબ્ધ થઈ શકશે.

(૧૦) પ્રવેશફોર્મ ટપાલ દ્વારા / રૂબરૂ મેળવીને નિયત કરેલ તા. ૨૫-૪-૧૧ સુધીમાં ભરીને સંસ્થાના કાર્યાલયમાં મોકલી આપવું.

(૧૧) વિદ્યાર્થીએ તા. ૧-૫-૨૦૧૧ ના રવિવારે સવારે ૯-૦૦ વાગ્યે લેખિત કસોટી તેમજ મૌખિક ઈન્ટરવ્યુ માટે વાલી સાથે ઉપસ્થિત રહેવું.

સુજ્ઞ વાલીઓને, પોતાના બાળકોને આ આયોજનનો લાભ અપાવવા વિનંતી છે.
વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલય/ગૃહપતિશ્રીનો સંપર્ક સાધવો.

-: પ્રેરક :-
શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: સંપાદક :-
શ્રી મિતેશ એ. શાહ

-: સ્વત્વાધિકારી :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી
ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯
૨૩૨૭ ૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨
srask@rediffmail.com
www.shrimad-koba.org

-: લવાજમ શ્રેણી :-
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂ. ૧૮૦
આજીવન રૂ. ૭૫૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 2500
$-60, £-35
આજીવન : Rs. 7000
$-170, £-110
By Sea Mail
આજીવન : Rs. 3500
$-85, £-60


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૩

(૨) મુમુક્ષુએ ભક્તિ કેવી રીતે કરવી ? ...... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૫

(૩) અમનનું સરનામું ....... પૂજ્ય આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ મહારાજ ..... ૯

(૪) રત્નત્રય ................ શ્રી મણિભાઈ શાહ .... ૧૨

(૫) ક્રોધ : માનવચિત્તમાં .... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૪

(૬) શ્રી પદ્મનંદિ આચાર્ય .. પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૯

(૭) શ્રી આનંદઘન ચોવીશી . શ્રી અશોકભાઈ શાહ .... ૨૨

(૮) અપૂર્વ અવસર .......... શ્રી વલભજી હીરજી .... ૨૬

(૯) ત્યાગ અને દાન ..... શ્રી ગુણવંત બરવાળિયા .... ૨૭

(૧૦) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ .... ૩૦

(૧૧) Yuva Times .......................................... ૩૨

(૧૨) સમાજ-સંસ્થા દર્શન ........................... ૩૪



**વર્ષ : ૩૫ માર્ચ, ૨૦૧૧ અંક - ૩**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨
srask@rediffmail.com
www.shrimad-koba.org



(१२) जैन धर्ममें अहिंसा ........ बा. ब्र. पवन जैन .... २९

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદક મંડળને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદક મંડળનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

'જગતની વિસ્મૃતિ કરીને જે સત્‌ના ચરણમાં વસે છે એ સત્‌ને પામે છે અને બધી ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાચનનો ઉદ્દેશ આ જ હોવો જોઈએ' - એમ આપે ફરમાવ્યું છે. પણ એ એક જ લક્ષ ઉપર અમારી પ્રવૃત્તિ કેમ થતી નથી ? શું યોગ્ય છે અને શું અયોગ્ય છે એ તો આપની કૃપાથી સમજાય છે, પરંતુ યોગ્યની દિશામાં પ્રવૃત્તિ કરતાં અયોગ્ય દિશાની પ્રવૃત્તિ કેમ વધારે થાય છે ? શું અમારી સમજણનો જ વાંક છે કે પછી માનસિક સમજણ એ 'લક્ષ' કરવા માટે પૂરતી નથી ? અમને હવે એ 'આત્મલક્ષ' થાય એ જ ભાવના છે.

હે પ્રભુ !


સત્ ચિદાનંદ આત્મપ્રાપ્તિનો ઉપાય આપે બતાવ્યો છે, એનું સ્મરણ કરી એ પ્રમાણે આરાધન કરું છું. જ્ઞાન અપેક્ષાએ સર્વવ્યાપક સચ્ચિદાનંદ એવો હું આત્મા છું. જેને જેને મારા માન્યા છે એ બધાને બાદ કરતાં જે અવ્યાબાધ અનુભવ રહે તે હું છું. હું સર્વને જાણનારો, ઉપયોગમય, અવ્યાબાધ, અત્યંત પ્રગટ, સ્વસંવેદન પ્રત્યક્ષ આત્મા છું. હું નિત્ય છું, ભિન્ન છું, અમલિન સ્વભાવી છું. પણ અનાદિથી મિથ્યાત્વરૂપ ભ્રાંતિ હતી અને પરદ્રવ્ય તેમજ પરભાવનો કર્તા હું થતો હતો અને કર્મબંધનથી સજા ભોગવતો હતો. આપની કૃપા વરસી અને મને સ્વરૂપનો મહિમા આવ્યો તેમજ નિર્મળાનંદનો નાથ હું પોતે છું એવું ભાન થયું. આપની કૃપાથી પૂર્ણતાને હું અવશ્ય પ્રાપ્ત થઈશ એવી દૃઢ શ્રદ્ધા છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્‌ રાજચંદ્રજી

### સંસાર અનુપેક્ષા



હવે સંસાર અનુપ્રેક્ષાનું સ્વરૂપ વિચારીએ છીએ :-

આ સંસારમાં અનાદિકાળના મિથ્યાત્વના ઉદયથી અચેત થયેલ જીવ, જિનેન્દ્ર, સર્વજ્ઞ વીતરાગના પ્રરૂપણ કરેલ સત્યાર્થ ધર્મને પ્રાપ્ત નહીં થઈ ચારે ગતિમાં ભ્રમણ કરે છે. સંસારમાં કર્મરૂપ દ્દઢ બંધનથી બંધાઈ, પરાધીન થઈ, ત્રસસ્થાવરમાં નિરંતર ઘોર દુઃખ ભોગવતો વારંવાર જન્મ મરણ કરે છે. જે જે કર્મના ઉદય આવી રસ દે છે, તેના ઉદયમાં પોતાને ધારણ કરી અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને છોડી નવાં નવાં કર્મનાં બંધન કરે છે. કર્મના બંધને આધીન થયેલ પ્રાણીને એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી રહી કે જે તેણે નથી ભોગવી. બધાં દુઃખો અનંતાનંત વાર ભોગવી અનંતાનંત કાળ વ્યતીત થઈ ગયો. એવી રીતે અનંત પરિવર્તન આ સંસારમાં આ જીવને થયાં છે. એવું કોઈ પુદ્‌ગલ સંસારમાં નથી રહ્યું કે જે જીવે શરીરરૂપે, આહારરૂપે ગ્રહણ નથી કરેલ. અનંત જાતિનાં અનંત પુદ્‌ગલોનાં શરીર ધારી આહારરૂપ (ભોજન પાનરૂપ) કરેલ છે.

ત્રણસેં તેંતાલીસ ઘનરજ્જુ પ્રમાણ લોકમાં એવો કોઈ એક પણ પ્રદેશ નથી કે જ્યાં સંસારી જીવે અનંતાનંત જન્મ મરણ નથી કરેલાં. ઉત્સર્પિણી અવસર્પિણી કાલનો એવો એક પણ સમય બાકી નથી રહ્યો કે જે સમયમાં આ જીવ અનંતવાર નથી જન્મ્યો, અને નથી મૂઓ. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે પર્યાયોમાં આ જીવે જઘન્ય આયુષ્યથી લઈ ઉત્કૃષ્ટ આયુષ્ય પર્યંત સમસ્ત આયુષ્યના પ્રમાણ ધારણ કરી અનંતવાર જન્મ ધરેલ છે. એક અનુદિશ, અનુત્તર વિમાનમાં તે નથી ઊપજ્યો, કારણ કે એ ચૌદે વિમાનોમાં સમ્યક્‌દૃષ્ટિ વિના અન્યનો ઉત્પાદ નથી. સમ્યક્‌દૃષ્ટિને સંસારભ્રમણ નથી. કર્મની સ્થિતિબંધનાં સ્થાન તથા સ્થિતિબંધને કારણે અસંખ્યાત લોકપ્રમાણ કષાયાધ્યવસાયસ્થાન, તેને કારણે અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગ બંધાધ્યવસાયસ્થાન તથા જગતશ્રેણીના સંખ્યાતમા ભાગ જેટલાં યોગસ્થાનમાંનો એવો કોઈ ભાવ બાકી નથી રહ્યો કે જે સંસારી જીવને નથી થયો. એક સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના યોગ ભાવ નથી થયા. અન્ય સમસ્ત ભાવ સંસારમાં અનંતાનંતવાર થયા છે. જિનેન્દ્રના વચનના અવલંબનરહિત પુરુષને મિથ્યાજ્ઞાનના પ્રભાવથી વિપરીત બુદ્ધિ અનાદિની થઈ રહી છે તેથી સમ્યક્‌માર્ગને નહીં ગ્રહણ કરતાં સંસારરૂપ વનમાં નાશ થઈ જીવ નિગોદમાં જઈ પડે છે. કેવી છે નિગોદ ? જેમાંથી અનંતાનંત કાલ થાય તો પણ નીકળવું ઘણું મુશ્કેલ છે. કદાચિત્‌ પૃથ્વીકાયમાં, જળકાયમાં, અગ્નિકાયમાં, પવનકાયમાં, પ્રત્યેક વનસ્પતિકાયમાં, સાધારણ વનસ્પતિકાયમાં લગભગ સમસ્ત જ્ઞાનનો નાશ થવાથી જડરૂપ થઈ, એક સ્પર્શ ઈંદ્રિયદ્વારા કર્મના ઉદયને આધીન થઈ આત્મશક્તિરહિત, જિહ્વા, નાસિકા, નેત્ર, કર્ણાદિક ઈંદ્રિયરહિત થઈ દુઃખમાં દીર્ઘકાળ વ્યતીત કરે છે. અને બેઈંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિયરૂપ વિકલત્રય જીવ, આત્મજ્ઞાનરહિત, કેવળ રસનાદિક ઈંદ્રિયોના વિષયોની ઘણી તૃષ્ણાના

માર્યા ઊછળી ઊછળી વિષયોને અર્થે પડી પડી મરે છે. અસંખ્યાત કાલ વિકલત્રયમાં રહી પાછાં એકેન્દ્રિયમાં ફરી ફરી વારંવાર કૂવા પરના રેંટના ઘડાની પેઠે નવા દેહ ધારણ કરતાં કરતાં ચારે ગતિમાં નિરંતર જન્મ, મરણ, ભૂખ, તરસ, રોગ, વિયોગ, સંતાપ ભોગવી પરિભ્રમણ અનંતકાલ સુધી કરે છે. એનું નામ સંસાર છે.

જેમ ઉકળેલા આધણમાં ચોખા સર્વ તરફ ફરતાં છતાં ચોડવાઈ જાય છે, તેમ સંસારી જીવ કર્મથી તપ્તાયમાન થઈ પરિભ્રમણ કરે છે. આકાશમાં ઉડતાં પક્ષીને બીજું પક્ષી મારે છે, જળમાં વિચરતાં મચ્છાદિકને બીજાં મચ્છાદિક મારે છે, સ્થળમાં વિચરતાં મનુષ્ય પશુ આદિકને સ્થળાચારી સિંહ, વાઘ, સર્પ વગેરે દુષ્ટ તિર્યંચ તથા ભીલ, મ્લેચ્છ, ચોર, લૂંટારા, મહા નિર્દય મનુષ્ય મારે છે. આ સંસારમાં બધાં સ્થાનમાં નિરંતર ભયરૂપ થઈ નિરંતર દુઃખમય પરિભ્રમણ કરે છે. જેમ શિકારીના ઉપદ્રવથી ભયભીત થયેલ જીવો મોઢું ફાડી બેઠેલા અજગરના મોઢામાં બિલ જાણી પ્રવેશ કરે છે, તેમ અજ્ઞાની જીવ ભૂખ, તરસ, કામ, કોપ વગેરે તથા ઈંદ્રિયોના વિષયોની તૃષ્ણાના આતાપથી સંતાપિત થઈ, વિષયાદિકરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે. વિષયકષાયમાં પ્રવેશ કરવો તે સંસારરૂપ અજગરનું મોઢું છે. એમાં પ્રવેશ કરી પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિ ભાવપ્રાણનો નાશ કરી, નિગોદમાં અચેતન તુલ્ય થઈ, અનંતવાર જન્મ મરણ કરતાં અનંતાનંત કાળ વ્યતીત કરે છે. ત્યાં આત્મા અભાવતુલ્ય છે, જ્ઞાનાદિકનો અભાવ થયો ત્યારે નાશ પણ થયો.

નિગોદમાં અક્ષરનો અનંતમો ભાગ જ્ઞાન છે, તે સર્વજ્ઞે જોયેલ છે. ત્રસ પર્યાયમાં જેટલા દુઃખના પ્રકાર છે, તે તે દુઃખ અનંતવાર ભોગવે છે. એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી રહી જે આ જીવ સંસારમાં નથી પામ્યો. આ સંસારમાં આ જીવ અનંત પર્યાય દુઃખમય પામે છે, ત્યારે કોઈ એકવાર ઈંદ્રિયજનિત સુખના પર્યાય પામે છે, તે વિષયોના આતાપ સહિત ભય, શંકા સંયુક્ત અલ્પકાળ પામે, પછી અનંત પર્યાય દુઃખના, પછી કોઈ એક પર્યાય ઈંદ્રિયજનિત સુખનો કદાચિત્ પ્રાપ્ત થાય છે.

હવે ચતુર્ગતિનું કાંઈક સ્વરૂપ પરમાગમ અનુસાર ચિંતવન કરીએ છીએ. નરકની સપ્ત પૃથ્વી છે. તેમાં ઓગણપચાસ ભૂમિકા છે. તે ભૂમિકામાં ચોરાસી લાખ બિલ છે તેને નરક કહીએ છીએ. તેની વજ્રમય ભૂમિ ભીંતની માફક છજેલ છે. કેટલાંક બિલ સંખ્યાત યોજન લાંબાં પહોળાં છે, કેટલાંક અસંખ્યાત યોજન લાંબાં પહોળાં છે. તે એક એક બિલની છત વિષે નારકીનાં ઉત્પત્તિનાં સ્થાન છે. તે ઊંટના મુખના આકાર આદિવાળાં, સાંકડા મોઢાવાળાં અને ઊંધે માથે છે. તેમાં નારકી જીવો ઉપજી નીચે માથું અને ઉપર પગથી આવી વજ્રાગ્નિમય પૃથ્વીમાં પડી, જેમ જોરથી પડી દડી પાછી ઉછળે છે તેમ (નારકી) પૃથ્વી પર પડી ઊછળતાં લોટતાં ફરે છે. કેવી છે નરકની ભૂમિ ? અસંખ્યાત વીંછીના સ્પર્શને લીધે ઊપજી વેદનાથી અસંખ્યાત ગુણી અધિક વેદના કરવાવાળી છે.

ઉપરની ચાર પૃથ્વીનાં ચાલીશ લાખ બિલ અને પંચમ પૃથ્વીનાં બે લાખ બિલ એમ બેંતાલીસ લાખ બિલમાં તો કેવળ આતાપ, અગ્નિની ઉષ્ણ વેદના છે. તે નરકની ઉષ્ણતા જણાવવાને માટે અહીં કોઈ પદાર્થ દેખવામાં, જાણવામાં આવતો નથી કે જેની સદૃશતા કહી જાય; તો પણ ભગવાનના આગમમાં એવું અનુમાન ઉષ્ણતાનું કરાવેલ છે કે, લાખ યોજનપ્રમાણ મોટા લોઢાના ગોળા છોડીએ તો તે નરકભૂમિને નહીં પહોંચતાં, પહોંચતાં પહેલાં નરકક્ષેત્રની ઉષ્ણતાથી કરી રસરૂપ થઈ વહી જાય છે. (અપૂર્ણ)

# મુમુક્ષુએ ભક્તિ કેવી રીતે કરવી ?

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આત્મકલ્યાણની શ્રેણીને પામવા માટે ભારતીય તત્ત્વજ્ઞાનીઓએ મુખ્ય ત્રણ પ્રકારની સાધનાપદ્ધતિઓનો સ્વીકાર કરેલો છે :

(૧) ભક્તિમાર્ગની સાધના,

(૨) જ્ઞાનમાર્ગની સાધના,

(૩) યોગમાર્ગની સાધના.

પ્રાથમિક ભૂમિકામાં ચિત્તશુદ્ધિને માટે નિઃસ્વાર્થ સેવાને પણ ઉપકારી જાણીને ઘણા તત્ત્વવિચારકોએ નિષ્કામ કર્મયોગને પણ એક વિશિષ્ટ સાધનાપદ્ધતિ તરીકે સ્વીકારેલ છે.

આપણે ભક્તિ કેવી રીતે કરવી તથા ભક્તિ કરવાની મુખ્ય પદ્ધતિઓને વિસ્તારથી સમજીશું.

● **મુમુક્ષુ :** મુમુક્ષુના ઘણા અર્થ થાય છે પણ આપણે અહીંયા જેમને હજુ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ નથી તેવો જિજ્ઞાસુ સાધક એમ સમજીશું.

● **ભક્તિ :** પરમાત્મતત્ત્વનું અથવા સદ્‌ગુરુ કે શુદ્ધાત્મતત્ત્વનું દાસત્વભાવ સહિત અનુસંધાન કરવું, તેમનાથી સુરતા લગાડવી કે સ્મરણ કરવું તેને ભક્તિ કહેવાય છે.

“ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપે રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.”

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

● **ભક્તના લક્ષણો :** જે સાધકે ભક્તિનો માર્ગ અપનાવવો હોય તેણે પ્રથમ ભક્તના લક્ષણો જીવનમાં કેળવવા જોઈએ. જે મુમુક્ષુ હોય તે જ સાચી ભક્તિ કરી શકે. જેને દુનિયાના પદાર્થોમાં અત્યંત મોહાસક્તિ હોય તે મુમુક્ષુ થઈ શકે નહિ. કારણ કે તેનું ચિત્ત તો પરવસ્તુમાં અહંમમત્વ કરીને ચોંટેલું રહે છે અને ભક્તિ કરવા માટે તો પ્રેમ જોઈએ - ભાવ જોઈએ, પરંતુ અન્ય પદાર્થો સાથે મમત્વભાવ હોવાથી પ્રભુ સાથે પ્રેમનો તાર જોડતો નથી માટે પ્રથમ જીવે મુમુક્ષુ બનવું જોઈએ.

● **નવધા ભક્તિની આરાધના :** ભક્તિના જે મુખ્ય નવ પ્રકાર છે તેને સર્વમાન્ય ગણવામાં આવે છે અને તે ઘણા પ્રચલિત પણ છે. શ્રી બનારસીદાસજીએ ‘સમયસાર નાટક’માં કહ્યું છેઃ

**શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન;**
**લઘુતા, સમતા, એકતા, નવધા ભક્તિ પ્રમાણ.**

**[૧] શ્રવણ :** ભક્તિના પદોનું, ગાથાઓનું, મંત્રોનું, સંતવાણીનું ભાવપૂર્વક શ્રવણ કરવું તેને ‘શ્રવણભક્તિ’ કહેવાય છે.

સામાન્ય મનુષ્યને ધર્મનો બોધ પ્રથમ તો કથારૂપે જ ગ્રાહ્ય બને છે અને પછી જેમ તેની પાત્રતા વધે તેમ સૂક્ષ્મતત્ત્વનો બોધ ગ્રહણ કરવાની રુચિ અને શક્તિ તેનામાં વૃદ્ધિગંત થાય છે. તેથી પવિત્ર પુરુષોનાં જીવનચરિત્રોને સાંભળવાની અને સંભળાવવાની પ્રથા આપણા સમાજમાં પ્રાચીનકાળથી જ ચાલતી આવી છે. આ પ્રકારે પૂર્વે થયેલા મહાન તીર્થંકરો, આચાર્યો, ઋષિમુનિઓ, ભગવદ્ ભક્તો, દૈવી સંપત્તિવાળા

પુરુષો કે યોગીશ્વરનાં જીવનચરિત્રના પ્રસંગો સાંભળીએ ત્યારે તેઓનાં જ્ઞાન, ધ્યાન, સંયમ, ભક્તિ પરાયણતા, સાત્ત્વિકતા, પરોપકાર, ક્ષમા, વિનય, સમાધિ, વિશ્વમૈત્રી આદિ અનેક ગુણો પ્રત્યે પ્રીતિ પ્રગટે છે અને તે દિવસે દિવસે વધતી જાય છે. આવા સદ્‌ગુણો પ્રગટાવવાની રુચિ શ્રવણધર્મ વડે આપણને ઊપજે છે. અનેક સંકટો આવવા છતાં પણ સત્યમાર્ગથી ચલિત ન થવાની તે મહાપુરુષોની વૃત્તિ, આપણને પણ આરાધનાના માર્ગમાં દઢપણે વળગી રહેવાની પ્રેરણા આપે છે.

આચાર્યશ્રી પદ્મનંદિજીએ 'શ્રી પદ્મનંદિ પંચવિંશતિ' અધ્યાય - ૪ શ્લોક ૨૩ માં કહ્યું છે કે :

જે (મનુષ્ય તત્ત્વ પ્રત્યે) પ્રીતિવાળું ચિત્ત કરીને ધર્મની વાર્તા પણ સાંભળે છે તે ભવ્ય ખરેખર ભાવિમાં નિર્વાણને પાત્ર થાય છે.

**[૨] કીર્તન :** શ્રવણરૂપી ધર્મને અંગીકાર કરવાથી જેના હૃદયમાં પરમાત્મા અને સદ્‌ગુરુ પ્રત્યે દિવ્યપ્રેમની ઉત્પત્તિ થઈ છે તેવા ભગવદ્‌ગુણોના આરાધક ભક્તજનો પોતાના ઈષ્ટ-માર્ગદર્શકોના ગુણાનુવાદ અને સંકીર્તન કરવા સહજપણે પ્રેરાય છે. સજ્જનોનો સ્વભાવ જ એવો છે કે તેઓ પોતાના ઉપર થયેલો ઉપકાર ભૂલતા નથી અને તેથી પરમાત્મા, સદ્‌ગુરુના યશોગાન કરવા માટે તેઓ ઉલ્લાસભાવથી પોતાના તન-મન-ધન સર્વ સમર્પણ કરે છે. પરમાત્માના દિવ્યગુણોનું અને ચરિત્રોનું ભાવપૂર્વક મોટે સ્વરેથી અન્ય જીવો પણ સાંભળી શકે તેવી રીતે ઉચ્ચારણ કરવું તેને સંકીર્તન નામનો ભક્તિનો બીજો પ્રકાર કહે છે.

- નિરંતર મારા ધ્યાનમાં લાગેલા અને પ્રીતિપૂર્વક મારું ભજન કરવાવાળા તે ભક્તોનું હું તત્ત્વજ્ઞાનરૂપી યોગ આપું છું, જેનાથી તેઓ મને પ્રાપ્ત કરે છે.

**- શ્રીમદ્ ભગવદ્‌ગીતા**

**[૩-૪] વંદન-સેવન :** શ્રવણ-કીર્તનાદિ ભક્તિના પ્રકારોની આરાધનાથી પ્રસ્ફુટિત થયો છે પ્રભુપ્રેમ જેના હૃદયમાં તેવો ભક્ત હવે સ્થૂળ અપેક્ષાએ પણ પ્રભુના ઘનિષ્ઠ સાન્નિધ્યને ઝંખે છે અને આ કાર્યની સિદ્ધિ માટે યથાયોગ્ય ધર્મસ્થાનકોમાં જઈ પોતાના અંતરંગ પ્રેમના બાહ્ય પ્રતીકરૂપ એવી ભગવાન કે સદ્‌ગુરુની મૂર્તિ કે ચિત્રપટનું અવલંબન લઈ તેમના દર્શન-વંદન-પૂજન-સ્પર્શન-સેવા-અભિષેક ઈત્યાદિમાં પ્રવૃત્ત થાય છે. જો પ્રત્યક્ષ સદ્‌ગુરુનો લાભ મળે તેમ હોય તો સર્વ પ્રકારે પોતાનાં તન-મન-ધનથી તેમની સેવા - શુશ્રૂષામાં ઉલ્લાસથી લાગ્યો રહે છે.

વંદન એટલે બે હાથ જોડી પોતાના મસ્તકને સત્ દેવ-ગુરુ-ધર્મના ચરણકમળમાં નમાવી અત્યંત સમર્પણ સહિત તેમની શરણાગતિ સ્વીકારવી.

સેવન એટલે અત્યંત ભક્તિભાવ સહિત તેમના ચરણને (ચરણ એટલે તેમની આજ્ઞા, તેમનું ચારિત્ર, તેમના પદારવિંદ) ઉપાસવાં. ઉપાસવા એટલે તેમના ઘનિષ્ઠ સત્સમાગમ દ્વારા, તેમની સેવા દ્વારા ગુણોને જીવનમાં ઉતારવાં.

- ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્‌પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ, જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે

અને સેવશે.

**- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક - ૧૯૪**

**[૫-૬] ચિંતવન-ધ્યાન :** જેમ સાધક ભક્તિમાર્ગની આરાધનામાં આગળ વધતો જાય છે તેમ તેમ તેના ભાવોની નિર્મળતા વધતી જાય છે અને તેવા નિર્મળ ભાવવાળો ભક્ત પ્રભુનું ચિંતન-મનન-ધ્યાન કરવાની શક્તિ પ્રાપ્ત કરતો જાય છે. ચિંતવન અને ધ્યાન તે ભક્તિના સૂક્ષ્મ પ્રકારો છે. ચિંતવન ઉઘાડી આંખે પણ થઈ શકે પણ સામાન્ય લોકોને તે ઉચ્ચ કક્ષાનું થઈ શકે નહિ. ઉચ્ચ કક્ષાનું ચિંતવન બંધ આંખોથી થાય છે. બહુ ઉચ્ચ કક્ષાના જે સિદ્ધયોગી હોય છે તેઓ ખુલ્લી આંખે પણ ચિંતવન કરી શકે છે. આવા યોગી વિશે શ્રી બાલમુકુંદ દવેએ કહ્યું છે કે :

*"ઉઘાડી આંખે વીરા, એવાં જી ઊંઘવા કે,*
*કોઈ ના શકે રે સુરતા તોડી;*
*મનવાજી મારા જૂઠી ઝાકળની પિછોડી."*

આવું ઊંચી કક્ષાનું પૂર્ણ ચિંતવન આપણે ન કરી શકીએ તો કંઈ વાંધો નહિ પણ મુમુક્ષુએ આવું ચિંતવન કરવાનો થોડો ઘણો અભ્યાસ તો કરવો જ જોઈએ. શરૂઆતની ભૂમિકામાં જો ખુલ્લી આંખે ચિંતવન કરવું હોય તો ભગવાન કે સદ્ગુરુની મુદ્રા સામે જોઈને કરવું. એવા મહાપુરુષોના દિવ્ય નેત્રોમાં આપણી દૃષ્ટિ પરોવાય અને જો આપણી યોગ્યતા હોય તો તત્ક્ષણ વિસ્ફોટ થાય છે; જેનો અનુભવ અધ્યાત્મ કવિવર દૌલતરામજી જણાવે છે,

*"અબ કાલલબ્ધિ બલતે દયાલ,*
*તુમ દર્શન પાય ભયો ખુશાલ,*
*મન શાંત ભયો મિટી સકલ દ્વંદ્વ,*
*ચાખ્યો સ્વાતમરસ દુઃખ નિકંદ."*

જોકે આવું ઉત્તમ મુમુક્ષુ કે જ્ઞાનીને થાય છતાં પણ આપણે મહાપુરુષો જેવું ચિંતવન કરે છે તેવું ચિંતવન કરવું, તેઓ જે પ્રકારના ભાવથી વાણી બોલે છે તે પ્રકારે બોલવી, તેઓ શરીરથી જે પ્રકારે ચેષ્ટા કરે છે તેવા પ્રકારની ચેષ્ટા કરવાની શક્તિ પરમાત્મા મને આપે તેવી પ્રાર્થના કરવી. યોગ અને ઉપયોગપૂર્વક ભક્તિ કરવી, જેથી લક્ષ પ્રત્યે દૃષ્ટિ વર્ધમાન થતાં તલ્લીનતા ઉપજે છે અને ક્રમે કરીને ધ્યાનની સિદ્ધિ થાય છે.

**[૭] લઘુતા :** લઘુતા શબ્દ 'અલ્પપણું', 'નાનાપણું' સૂચવે છે. પોતાના આત્મા વિષે આવો લઘુતાનો ભાવ કોને ઉપજે ? જે ભાગ્યવાન ભક્તજને શ્રી સદ્ગુરુના બોધ દ્વારા ભગવાનના અનંત અચિંત્ય અલૌકિક સ્વરૂપને જાણ્યું હોય તેને. 'અહો ! આવા અદ્ભુત ઐશ્વર્યના સ્વામી મારા પ્રભુજી છે' એવી જેના અંતરમાં પ્રતીતિ થઈ હોય તેવા ભક્તના હૃદયમાં પોતાની વર્તમાન દશાના દોષોનું દિગ્દર્શન થતાં જે અલ્પત્વનો, તુચ્છતાનો, પ્રભુનું દાસાનુદાસપણું સ્વીકારવાનો અને તેને જ શરણે રહેવાનો જે ભાવ ઊપજે છે તે સાચી લઘુતા છે. આવો ભાવ ખરેખર ઊપજવો કઠિન છે અને તેથી જ શાસ્ત્રકારની શૈલીમાં પણ તેનો ક્રમ શ્રવણ-કીર્તન-ચિંતવન-વંદન-સેવન-ધ્યાન જેવી છ સાધનાભૂમિકાઓના પરિપાકરૂપે સાતમી ભૂમિકામાં ભવ્ય ભક્તોના જીવનમાં ઊપજવો કહ્યો છે.

આવી લઘુતાની પ્રાપ્તિ સદ્ગુરુના સત્સંગ, સાચી સમજણ અને યથાર્થ શ્રદ્ધા દ્વારા થઈ શકે છે. મહાત્મા કબીરદાસજી લઘુતા વિશે કહે છે કે,

*"દાસ કહાવન કઠનિ હૈ, મૈં દાસનકો દાસ,*
*અબ તો ઐસા હો રહૂં, કિ પાંવ તલે કી ઘાસ."*

**[૮] સમતા** : સમતા એ ભક્તિ આરાધનાના પરિપાકરૂપે પ્રગટ થતો ભક્તનો એક અતિ નિર્મળ, વિશુદ્ધ અને સૂક્ષ્મભાવ છે. પ્રેમભક્તિમાં જેમ જેમ ભક્ત આગળ વધતો જાય છે, તેમ તેમ તેના જીવનમાંથી સ્વાર્થના અંશોનો વિલય થતો જાય છે, અને તેને સર્વ જીવમાં પોતાના પરમ આરાધ્ય પ્રભુનું જ દર્શન થવા લાગે છે. તેવા ભક્તને મારું-તારું કાંઈ રહેતું નથી. અંતરમાં સતતપણે પ્રભુનું સ્મરણ રહેવાથી તેનું ચિત્ત એટલું બધું પ્રભુમય થઈ જાય છે કે સર્વત્ર તેને પ્રભુદર્શન જ થવા લાગે છે. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું, "જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ સર્વ આત્માને વિષે છે, જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે વર્તે છે, તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે. કોઈ પ્રત્યે ઓછાપણું - અધિકપણું કંઈ આત્માને વર્તતું નથી. અવિકલ્પરૂપ સ્થિતિ છે."

કહ્યું છે કે ઈચ્છા અને દ્વેષ વગર, સર્વ ઠેકાણે સમદૃષ્ટિથી જોનાર એવા પુરુષો ભગવાનની ભક્તિથી યુક્ત થઈને ભાગવતી ગતિને પામ્યા, અર્થાત્ નિર્વાણ પામ્યા.

**[૯] એકતા** : જ્યાં ભક્ત, ભક્તિ અને ભગવાન એક થઈ જાય છે તે જ આ નિજ અનુભવપ્રમાણ પોતાનું મૂળ સ્વરૂપ છે. આ સ્થિતિ સર્વ આધ્યાત્મિક સાધનાની ચરમસીમા છે. આરાધનાનું ફળ પણ આ જ છે અને કૃતકૃત્યતા પણ આ જ છે. આ સ્થિતિને ખરેખર જાણવા માટે તેનો અનુભવ જ કરવો જોઈએ. તેને જ જ્ઞાનીઓ સ્વાનુભૂતિ અથવા આત્મસાક્ષાત્કાર કહે છે અને યોગીઓ તેને નિર્વિકલ્પ સમાધિ કહે છે.

● **ઉપસંહાર** : સાધકે આ નવધા ભક્તિરૂપ નવ પગથિયાની અત્યંત પ્રેમ, ભક્તિ, દાસત્વભાવ અને સમર્પણભાવ સહિત આરાધના કરવી જોઈએ. જેમ જેમ તેની આરાધના થાય તેમ તેમ હૃદયની પવિત્રતા - નિર્મળતા વધતી જાય છે અને નીચેનું પગથિયું છોડી ઉચ્ચ શ્રેણી ચઢતો સાધક 'શાશ્વત સુખ' ની પ્રાપ્તિના લક્ષ સુધી પહોંચી જાય છે તેમજ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરી આ ભવનો ફેરો સફળ કરી, અનંત ભવના ફેરારૂપ સંસારને છેદી નાખે છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

● ● ●

## ભક્તિ કરતી વખતે કેવા ભાવ રાખવાં ?

**મેં તો આત્મા જાણ્યો નથી પરંતુ યથાતથ્ય જ્ઞાની (પરમકૃપાળુદેવે અને અનંતજ્ઞાનીઓ)એ જાણ્યો છે, તેવો મારો આત્મા છે. જ્ઞાનીએ (પરમકૃપાળુદેવે) જે આત્મા દીઠો છે તે જ મારે માન્ય છે. તે પ્રાપ્ત કરવા તેમનું જ મારે શરણ માન્ય છે. આટલો ભવ મારે તો એ જ કરવું છે. એ જ માનવું છે કે પરમકૃપાળુએ જે આત્મા જાણ્યો, જોયો, અનુભવ્યો, તેવો મારો આત્મા શુદ્ધ સિદ્ધ સમાન છે. તે મેં જાણ્યો નથી પણ માન્યતા, વિશ્વાસ, શ્રદ્ધા, પ્રતીતિ રોમ-રોમ એ જ કરવી છે. આટલો ભવ એટલી જો શ્રદ્ધા થઈ ગઈ તો મારું અહોભાગ્ય.**

**- પૂજ્ય લઘુરાજ સ્વામીજી**

સંકલન : રીટાબેન મહેતા (કોબા)

# અમનનું સરનામું

**પૂ. આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ મહારાજ**

માણસે પ્રભુને પ્રશ્ન પૂછ્યો કે... પ્રભુ ! આપ મને શું સહાય કરશો ? ત્યારે ભગવાને કહ્યું કે તારા જીવનમાં જ્યારે પણ કટોકટી આવશે ત્યારે હું હાજર થઈ જઈશ. પેલો માણસ ૧૦ મે માળે રહેતો હતો. અચાનક ગેલેરીમાંથી પડ્યો ૮,૭,૬,૫,૩,૨ માળ સુધી પહોંચ્યો છતાં ભગવાન બચાવવા ન આવ્યા ત્યારે બે મકાન વચ્ચે એક દોરડું હતું એ દોરડું પેલા માણસે પકડી લીધું. એણે ભગવાનને યાદ કર્યા કે પ્રભુ ! તમે ક્યાં હતા ? ત્યારે પ્રભુએ કહ્યું કે હું તને નીચે લેવા માટે તૈયાર હતો પણ તને મારા પર વિશ્વાસ ન બેઠો માટે તે દોરડું પકડી લીધું, બાકી તને પકડવા માટે હું નીચે ઊભો જ હતો. આ સંસારમાં પ્રભુ આપણને બચાવવા તૈયાર છે. પરંતુ આપણે ત્રણ દોરડા પકડી લીધા છે. (૧) પૈસાનું, (૨) બુદ્ધિનું, (૩) સફળતાનું. પૈસાએ તમને અહંકારી બનાવ્યા છે. બુદ્ધિએ તમને નાસ્તિક બનાવ્યા છે અને સફળતાએ તમને બીજાની ઉપેક્ષા કરતા બનાવ્યા છે. અમનનું સરનામું એટલે કે જીવનમાં શાંતિ અને પ્રસન્નતાની વાત કરવી છે. પ્રાર્થનાસભામાં લોકો એક વાત ખાસ કરે છે કે સ્વર્ગસ્થનો આત્મા જ્યાં પણ ગયો હોય ત્યાં એને શાંતિ મળે ! એક વાર મેં એક જણને બોલાવીને પૂછ્યું કે તમે એમ કેમ નથી બોલતા કે સ્વર્ગસ્થનો આત્મા જ્યાં પણ ગયો હોય ત્યાં એને ગાડી-બંગલા-પત્ની-પુત્ર પરિવાર મળે ! જવાબ મળ્યો : "સાહેબ ! એ બધું તો અહીં હતું જ. માત્ર શાંતિ જ નહોતી. માટે અમો એ માગીએ છીએ !" મર્યા પછી શાંતિની વાત નથી કરવી, અહીં જીવતા જ શાંતિ કઈ રીતે મળે એની વાત મારે કરવી છે. ચાર કારણે તમે ઘરની બહાર નીકળો છો (૧) પ્રભુના દર્શન-પૂજા કરવા માટે, (૨) પ્રેમ સક્રિય કરવા માટે, (૩) પીડા માટે અને (૪) પ્રલોભન માટે. આજે તમને મારે પાંચ વાત કરવી છે.

(૧) સેન્ટર ઑફ લાઈફ એટલે કે તમારા જીવનનું લક્ષ્ય શું ? કેન્દ્રબિંદુ શું ?

(૨) કૅરેક્ટર ઑફ લાઈફ એટલે ચારિત્ર કેવું ? સદાચારમય જીવન છે ?

(૩) કોન્ટ્રિબ્યુશન ઑફ લાઈફ એટલે તમારું પોતાનું યોગદાન શું ?

(૪) કમ્યુનિકેશન ઑફ લાઈફ એટલે તમારા જીવનનો વ્યવહાર કેવો ?

(૫) કમ્યુનિટિ ઑફ લાઈફ એટલે તમારી દોસ્તી કોની સાથે છે ?

**(૧) સેન્ટર ઑફ લાઈફ :** તમારું સર્કલ શું છે એ નથી પૂછતો પરંતુ તમારું સેન્ટર ક્યાં છે એ પૂછવું છે. મને સારી ચીજ મળવી જોઈએ, મારે સારું કરવું જોઈએ - આ બંને કરતાં ય વધારે મહત્ત્વનું છે કે મારે સારા બનવું જોઈએ. આ સેન્ટર છે. સારા પૈસા, સારું ઘર, સારી પત્ની, સારી નોકરી મળી જાય એટલા માત્રથી ચાલશે નહિ, પણ સારા બનવું પડશે. બે શ્રીમંતના છોકરા ચર્ચા કરતા હતા. એક જણ કહે કે બે વર્ષ પહેલા મારા પિતાજી ગુજરી ગયા તે ૪ કરોડ રૂા. છોડીને ગયા. બીજો કહે કે મારા પિતાજી ૬ મહિના પહેલા ગુજરી ગયા તે ૭ કરોડ રૂપિયા છોડીને ગયા. આ બંનેની ચર્ચા સાંભળીને ગરીબના બે છોકરા હસવા

લાગ્યા. આ સાંભળી શ્રીમંતના છોકરાને ગુસ્સો આવ્યો. ત્યારે પેલા બે છોકરા બોલ્યા, "તું કહે છે કે મારો બાપ ૪ કરોડ રૂપિયા છોડીને ગયો, તું કહે છે કે મારો બાપ ૭ કરોડ રૂપિયા છોડીને ગયો. જ્યારે અમારા બંનેના બાપા આખી દુનિયા છોડીને ગયા..!" તમારે બધું જ મેળવી લીધા પછી કરવું છે શું ? અંતે તો બધું અહીં મૂકીને જ જવાનું છે.. તો આટલી માથાકૂટ શા માટે કરો છો ?

પૈસાના ત્રણ કલંક છે.. મોત પછી સાથે નહિ, મોત સુધી સાથ રહેશે જ એવો કોઈ કાયદો નથી, જીવનમાં જેટલો સમય સાથે રહેશે ત્યાં સુધી પ્રસન્નતા આપશે જ એવો કોઈ નિયમ નથી. જ્યારે સંતોના જીવનની વાત કરું તો મોત પછી પણ પ્રભુ તેમની સાથે આવશે, મોત સુધી પણ પ્રભુ તેમની સાથે રહેશે અને જીવનમાં પ્રભુ સાથે છે એટલે ભરપૂર પ્રસન્નતા પ્રાપ્ત થશે. તેથી કહું છું કે બધી જ પ્રસન્નતાને ખતમ કરી દે એવા સફળતાના માર્ગે ક્યારેય દોટ મૂકતા નહિ. તમે એટલું નક્કી કરો કે બધું જ છોડી દેશું પરંતુ પ્રસન્નતા નહિ. રામ અને રાવણ બંને તુલા રાશીના છે. છતાં તમને રામ પસંદ છે, રાવણ નહિ. એમ પૈસા અને પરમાત્મા બંને કન્યા રાશીના છે. એ બે માંથી તમને શું પસંદ છે ? તમારે શ્રીમંતાઈ જોઈએ છે કે પ્રસન્નતા જોઈએ છે ? લાંબુ જીવવું છે એના કરતાં ય સારું જીવવું છે એ નક્કી કરી દો.. એક દિવસની રવિવારની રજા પણ તમે પ્રસન્નતાથી કાઢી શકતા નથી તો લાંબુ જીવીને તમારે કરવું છે શું ? તમારા પૈસાનો હું વિરોધી નથી પરંતુ પ્રસન્નતાના ભોગે તો પૈસા હરગીજ ન જોઈએ. ટૂંકમાં જીવનનું સેન્ટર બનાવી દો આનંદ.

સારા માર્ગે પૈસા વાપરવા સહેલાં છે પરંતુ સાચા માર્ગે પૈસા કમાવવા કઠિન છે.

**(૨) કેરેક્ટર ઑફ લાઈફ :** કેરેક્ટર એટલે સદાચાર - પવિત્રતા. દિલ્હીમાં એક ૩૮ વર્ષની લેડી પત્રકાર મને મળવા આવી ઈન્ટરવ્યુ લીધો. ઘણી બધી વાતો વિસ્તારથી કરી.. પછી છેલ્લે એણે મને પ્રશ્ન કર્યો કે મહારાજ સાહેબ, તમે જે નીતિમત્તા, સદાચાર, પવિત્રતાના ધારાધોરણની વાતો કરો છો એની બજારમાં માર્કેટવેલ્યુ શું ? મેં કહ્યું કે બેન ! બજારમાં 'મા' કોઈ માર્કેટવેલ્યુ નથી હોતી, માર્કેટવેલ્યુ તો વેશ્યાની જ હોય છે. આપણી 'મા' ગમે તેવી હોય, કપડાં જૂના પહેર્યાં હોય, મોઢામાંથી લાળ પડતી હોય, શરીર પર કરચલી હોય, વાળના ઠેકાણા ન હોય છતાં 'મા' પવિત્ર જ કહેવાય છે, જ્યારે વેશ્યા ગમે તેટલી સ્વચ્છ હોવા છતાં તે અપવિત્ર જ છે. આજે બજારમાં કોઈ પવિત્રતાની વાત નથી.. નથી તમારા ઘરમાં પવિત્રતાની વાત અને નથી તમારા ખુદના જીવનમાં ! સ્મશાનમાંય નૈતિકતા ગુમાવી દીધી છે ! કો'ક ના ૨૮ વર્ષના એકના એક પુત્રનો મૃતદેહ સળગી રહ્યો હોય ત્યારે પણ તમે મોબાઈલમાં શેરબજારની ચર્ચા કરી શકો છો.. ઠઠ્ઠા મશ્કરી કરી શકો છો. કમસેકમ સ્મશાનમાં મોબાઈલ કોઈને કરવો નહિ અને આવે તો વાત કરવી નહિ, એટલું તો નક્કી કરી દો.

**(૩) કોન્ટ્રિબ્યુશન ઑફ લાઈફ :** સમાજને તમારું યોગદાન શું ? આ જીવનમાં ચાર ચીજનું યોગદાન હોઈ શકે છે.. (૧) શરીરનું, (૨) શબ્દનું, (૩) સમયનું, (૪) સંપત્તિનું. તમારી સંપત્તિ બીજાના આંસુ લુછવામાં વપરાય ખરી ? આ દુનિયામાં તમને લોકો ઓળખે એમાં રસ છે કે ચાહે એમાં ? તમારે દાનના માર્ગે જવું જ પડશે.. પછી એ શબ્દદાન હોય કે સમયદાન હોય તો ય

ચાલશે.. પરોપકાર કરવામાં તમારું શરીર ઉપયોગી થાય. એક શ્રીમંત માણસની ફૅક્ટરીમાં ૧૦૦ માણસ કામ કરી રહ્યા હતાં. શેઠે એક વખત બધાંને ભેગા કરીને એક શરત મૂકી કે ૪૦ વર્ષથી મારી એક આંખ નકલી છે એ જે કર્મચારી બતાવી શકે એને ૫૦ હજાર રૂા. નું ઈનામ મળશે. પરંતુ જવાબ જો ખોટો પડશે તો એનો ૧૨ મહિનાનો પગાર હું કાપી નાખીશ. કોઈની પણ હિંમત ના ચાલી પરંતુ એક મર્દનો બચ્ચો નીકળ્યો. 'શેઠ હું બતાવું.' 'હા બતાવ !' 'તમારી ડાબી આંખ નકલી છે..' શેઠ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. શેઠે તેને પૂછ્યું કે મારી ડાબી આંખ નકલી છે એની ખબર શી રીતે પડી ? ત્યારે કર્મચારીએ કહ્યું કે શેઠ ! થોડી ઘણી પણ કરુણા તમારી ડાબી આંખમાં દેખાય છે, બાકી અસલી આંખમાં તો એકલી ક્રૂરતા જ ભરેલી દેખાય છે. 'જૂઠું બોલશે તો ૧૨ મહિનાનો પગાર કાપી નાખીશ' આ વાત તો ક્રૂર આંખ જ કરી શકે.

**(૪) કમ્યુનિકેશન ઑફ લાઈફ :** તમે તમારા દીકરાને વેપારમાં કુશળ જરૂર બનાવ્યો હશે પરંતુ વ્યવહારકુશળ જરાય નથી બનાવ્યો. તમે તમારા દીકરા-દીકરીઓને સાક્ષર બનાવવાની સાથે સંસ્કારી પણ બનાવજો. સંસ્કાર આપ્યા વિના સાક્ષર બનાવવાની વાત રાક્ષસ બનવાની ભૂમિકા છે. બહુ નાના ઘરમાં મોટું કુટુંબ જેમ જોખમી છે, તેમ બહુ મોટા ઘરમાં નાનું કુટુંબ પણ જોખમી છે. વિજ્ઞાને સમય બચાવવાના ઘણાં સાધનો બનાવી દીધા પરંતુ સમયને પસાર કરવાના સાધનો બહુ ભયંકર બનાવી દીધા છે. સમાજના તમારે બધાં જ કાર્યો કરવા છે પરંતુ પરિવારના કોઈ કામ જ નથી કરવા એ કેમ ચાલશે ? બીજા બધાને ખુશ કરવા છે પણ પરિવારને નહિ ! પરિવાર પાછળ તમારું યોગદાન શું ? આપણે ત્યાં સુખી કુટુંબના ચાર લક્ષણ બતાવ્યા છે - (૧) ભોજન બધા સાથે કરતા હોય, (૨) ભજન (પરમાત્માની ભક્તિ) બધા સાથે કરતા હોય, (૩) ભ્રમણ (યાત્રા વગેરે) માટે બધા સાથે જતાં હોય અને (૪) ભાષણ (વાતચીત) બધા ભેગાં બેસીને કરતાં હોય. તમે બધા ભેગાં થઈને જમવા બેસો છો ખરા ? પૈસા પાછળની આંધળી દોડના લીધે તમે પારિવારિક સુખ પણ ગુમાવી રહ્યા છો.

**(૫) કમ્યુનિટિ ઑફ લાઈફ :** જીવનમાં તમારે દોસ્તી કોની સાથે છે ?

"નામ ચોખો રંગ ચોખો, ઉજ્જવળ એનું રૂપ,
કંકુ સાથે મેળ કરીને, કંઈક નમાવ્યા ભૂપ;
મગની સાથે મેળ કરીને, ચોખો થયો બદનામ,
નામ ખોયું રંગ ખોયો, લોકે પાડયું ખીચડી નામ."

ભય દૂર કરવા માટે તમે પૈસા - પદાર્થ પાછળ દોડ્યા છો પણ તમારા પૈસાએ તમારો ભય વધારી દીધો છે ! આવું અનુભવવા છતાં પૈસા પાછળનું પાગલપન છૂટતું નથી. કરુણતા જ છે ને ? જેવી સોબત તેવી અસર થશે.

હૃદયને જીવ ભરીને જીવવા દો,
બુદ્ધિને કહો કે બહુ બોલે નહિ.
સોનાની મૂર્તિને લોખંડના ત્રાજવામાં
મૂકીને કદી કોઈ તોલે નહિ.

તમારું કેન્દ્રબિંદુ નક્કી થઈ જાય, ચારિત્ર્ય તમારું નિર્મળ બની જાય, તમારું યોગદાન પરોપકારમાં લાગી જાય, વ્યવહાર તમારો શુદ્ધ બનતો જાય અને સજ્જન-સંત સાથેની દોસ્તી બની રહે પછી અમનનું સરનામું જરાય દૂર નથી.

**- સંકલન : શ્રી કિશોર જે. બાટવિયા**

# રત્નત્રય

## સમ્યગ્દર્શન

**(ક્રમાંક - ૧૦)**

**મણિભાઈ ઝ. શાહ**

(ગતાંકથી ચાલુ)

પૂ. યશોવિજયજી મહોપાધ્યાયે કહેલા સમકિતના ૬૭ બોલ પૈકી દશ પ્રકારના વિનય વિષે જોઈ ગયા. હવે આ બોલ પૈકી આગળ ત્રણ પ્રકારની શુદ્ધિ વિષે કહે છે. આ ત્રણ શુદ્ધિઓ છે : (૧) મનશુદ્ધિ (૨) વચનશુદ્ધિ અને (૩) કાયશુદ્ધિ. આ દરેક વિષે જોઈએ.

(૧) **મનશુદ્ધિ :** જિનેશ્વર ભગવાન અને તેમણે બતાવેલો ધર્મ એ જ પરમ શુદ્ધ છે. તે સિવાય બીજા કોઈ દેવો કે તેમણે કહેલી વાતો-ધર્મ એને શુદ્ધ માનવા એ મિથ્યા છે - બરોબર નથી. એવી માન્યતા એ મનશુદ્ધિ છે. સમ્યક્‌દૃષ્ટિ જીવમાં આવી મનશુદ્ધિ પૂર્ણપણે હોય છે.

(૨) **વચનશુદ્ધિ :** જિનેશ્વર ભગવાનની ભક્તિ, પૂજા, ચરણસ્પર્શ વગેરે દ્વારા જે કાર્ય સિદ્ધ થાય તે કાર્ય બીજા દેવોની સેવા કે એમણે બતાવેલા ધર્મથી ન જ થઈ શકે એવું સ્પષ્ટપણે માનવું અને કહેવું એ વચનશુદ્ધિ છે. સમ્યક્‌દૃષ્ટિ જીવના મુખમાંથી જિનેશ્વર ભગવાને કહ્યા સિવાયની વાતને શુદ્ધ માનવા યોગ્ય એવા શબ્દો નીકળે જ નહીં.

(૩) **કાયશુદ્ધિ :** આપણા શરીરને કોઈ છેદન-ભેદન કરે તો પણ એમાંથી છૂટવા માટે બીજા કોઈ દેવની સેવા-ઉપાસના ન કરે અને આવી પડેલું દુઃખ સમતાભાવે સહન કરે તે કાયશુદ્ધિ છે. સમ્યક્‌દૃષ્ટિ જીવ જાણે છે કે મને મળતું દુઃખ એ મારા પોતાનાં જ કર્મોનું ફળ છે અને તેમાંથી કોઈ દેવ વગેરે છોડાવી શકે નહિ.

હવે સમકિતનાં **પાંચ દૂષણો** - દોષ વિષે કહે છે. સમકિતીમાં આ દૂષણો ન હોવાં જોઈએ. આ દૂષણો હોય તેને સમકિત થાય નહીં અને થયું હોય તો વમી જાય. આ દૂષણો આ પ્રમાણે છે : (૧) શંકા, (૨) કાંક્ષા, (૩) વિતિગિચ્છા, (૪) મિથ્યામતિ ગુણવર્ણના અને (૫) મિથ્યામતિ પરિચય. હવે આ દરેક વિષે જોઈએ.

**(૧) શંકા :** ભગવાનની કહેલી વાત બરાબર હશે કે કેમ ? કોણ જોવા ગયું છે ? વગેરે રીતે વિચારી તીર્થંકરોની વાતમાં શંકા રાખે તેને સમકિત થાય નહીં. તીર્થંકરો વીતરાગી છે. એમને કોઈ પ્રત્યે રાગ નથી અને કોઈ પ્રત્યે દ્વેષ નથી. કોઈને સારું લગાડવાના કે કોઈને ખોટું લગાડવાના ભાવ નથી. એમણે તો એમના કેવળજ્ઞાનમાં જે વસ્તુ જેવી જણાઈ તે વસ્તુ તે રૂપમાં કહી છે. એમનાં વચનોમાં શંકા કરનારને સમકિત શી રીતે થાય ? અર્થાત્ ન જ થાય.

**(૨) કાંક્ષા :** પ્રત્યક્ષ જૈન ધર્મ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ જાણી, અન્ય મતો પ્રમાણે જાણવાની ઇચ્છા થવી એ કાંક્ષા નામનું દૂષણ છે. કલ્પવૃક્ષ સમાન વીતરાગનો કહેલો ધર્મ જાણીને બાવળિયા જેવા અન્યવૃક્ષો સમાન અન્ય ધર્મોમાં રુચિ થાય તો સમકિત પામે નહીં. આવી રુચિ જાગવી તે કાંક્ષા નામનું દૂષણ છે.

**(૩) વિતિગિચ્છા :** વીતરાગનો કહેલો ધર્મ તો કરીએ પણ એનું ફળ મળશે કે કેમ એવા વિચાર

મનમાં આવે તો એ વિતિગિચ્છા નામનું દૂષણ છે. આવું દૂષણ હોય તે સાચા ધર્મનું ફળ પામી શકે નહીં. પોતાના આત્માના શુભ પરિણામના બળ વડે આવું દૂષણ ત્યજવું.

**(૪) મિથ્યામતિ ગુણવર્ણન :** મિથ્યામતિ જીવોમાં રહેલા દયા, દાન વગેરે ગુણોને જોઈને એની પ્રશંસા - વખાણ કરો એટલે એમને મિથ્યાત્વની પુષ્ટિ મળે છે અને આપણું સમ્યક્ત્વ છૂટી જાય છે અથવા નબળું પડે છે. માટે આવી પ્રશંસા ત્યજવી.

**(૫) મિથ્યામતિ પરિચય :** મિથ્યામતિ જીવો -જૈન દર્શનથી ઊલટું માનનારા જીવોની સોબત - એમનો પરિચય કરવાથી આપણામાં પણ એવા વિચારો આવે છે. જેવો સંગ તેવો રંગ - માટે આવો પરિચય એ પણ દૂષણ છે અને સમકિતી જીવે તે ટાળવો જરૂરી છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-

**''તેથી શ્રમણને હોય જો નિજ મુક્તિ કેરી ભાવના,**
**તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં.''**

હવે **આઠ પ્રકારના પ્રભાવક** કહે છે. પ્રભાવક એટલે જૈન શાસન-સાહિત્ય, વગેરેનો પ્રભાવ જેનાથી વધે તે. તે આઠ પ્રકાર આ પ્રમાણે છે.

(૧) પ્રવચનિક, (૨) ધર્મકથી, (૩) વાદી, (૪) નૈમિત્તિક, (૫) તપસ્વી, (૬) વિદ્યાબલી, (૭) સિદ્ધ, (૮) કવિ.

હવે આ દરેક વિષે ટૂંકમાંથી જોઈએ.

**(૧) પ્રવચનિક :** જે જે કાળમાં જૈનશાસનનાં જે જે શાસ્ત્રો - સાહિત્ય વગેરે ઉપલબ્ધ હોય તે તે શાસ્ત્રોનો અભ્યાસ કરી સામાન્ય જનતાને તેનો અર્થ અને માહાત્મ્ય સમજાવનારા જે જે પુરુષો હોય તે તે પ્રવચનિક પ્રભાવક છે.

**(૨) ધર્મકથી :** જે જે ઉત્તમ પુરુષો મુનિની જેમ લોકોના સંદેહો દૂર કરી સાચા ધર્મનું સ્વરૂપ અને તેનો મહિમા સમજાવે છે તેને ધર્મકથી, નામના પ્રભાવક કહે છે. એમના દ્વારા લોકોને જૈનશાસનનો મહિમા સમજાય છે.

**(૩) વાદી :** ન્યાયશાસ્ત્ર વગેરેનો ઊંડો અભ્યાસ કરીને રાજસભામાં કે એવી જાહેર સભાઓમાં ભગવાને કહેલી વાતોને ગર્જનાપૂર્વક રજૂ કરીને શ્રોતાઓ ઉપર ધર્મનો જબરદસ્ત પ્રભાવ પાડે છે તે વાદી પ્રભાવક કહેવાય છે. શ્રોતા ઉપર એની ઊંડી અસર પડે છે, અને એટલે એની ધર્મ ઉપરની આસ્થા વધી જાય છે - એ સમકિત પ્રાપ્ત કરે છે અને કરેલું હોય તો દૃઢ થાય છે.

**(૪) નૈમિત્તિક :** અન્ય ધર્મને જીતવા માટે જે વ્યક્તિ પોતાની હોંશિયારીથી જુદાં જુદાં નિમિત્તો - વસ્તુઓ - વકતવ્ય - દૃષ્ટાંતો વગેરે પૂરાં પાડે છે તે નૈમિત્તિક પ્રભાવક કહેવાય છે.

**(૫) તપસ્વી :** જે પોતાના તપના પ્રભાવથી એવું વર્તન કરે, ગુસ્સો વગેરે ન કરે, જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાનો ક્યારેય લોપ ન કરે અને તપનો મહિમા વધારે તે તપસ્વી પ્રભાવક છે.

**(૬) વિદ્યાબલી :** વિદ્યા અને મંત્રશક્તિમાં જે હોંશિયાર - નિપુણ બની લોકોમાં એ દ્વારા જિનશાસનનો મહિમા અને જ્ઞાન વધારે તે વિદ્યાબલી પ્રભાવક છે.

**(૭) સિદ્ધ :** અંજન યોગ વગેરે દ્વારા અરિહંતના જેવું ધ્યાન કરીને બળવાન વ્યક્તિ બીજા ઉપર ધર્મનો પ્રભાવ પાડે છે તે સિદ્ધ પ્રભાવક કહેવાય છે.

**(૮) કવિ :** સુંદર, ધર્મના અર્થથી ભરપૂર અને સામાને પ્રભાવિત કરે તથા પોતાના ભાવ પણ વધુ પ્રભાવિત કરે એવી કવિતાઓની રચના કરનાર કવિ પ્રભાવક કહેવાય છે. આપણે પૂજા, આરતી, ભજન વગેરે કરીએ છીએ એની રચના કરનારા તે આવા કવિ પ્રભાવક છે. એ ગાતાં - બોલતાં આપણી અંદર એક જાતનો ધાર્મિક રસ ખૂબ વધે છે. **(ક્રમશઃ)**

• • •

પરમનો સ્પર્શ - ૨૭

# ક્રોધ : માનવચિત્તમાં વસતો યમરાજ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

તમે એવી પાર્ટીમાં જરૂર ગયા હશો કે જ્યાં કોઈ ફરિયાદ કરતું હોય અને બધા એની ફરિયાદ-પાર્ટીમાં આશ્વાસનો અને સહાનુભૂતિની ભેટ-સોગાદ ધરતાં હોય ! એકાએક કોઈના શરીરમાં કૅન્સરે દેખા દીધી હોય અને વ્યક્તિ વીલા મોઢે ફરિયાદ કરે કે કલ્પના પણ કરી નહોતી અને કૅન્સર જેવા મહાવ્યાધિનું નિદાન થયું, ત્યારે આ સાંભળીને અનેક લોકો એને શક્ય તેટલી સાંત્વના આપવાનો પ્રયાસ કરશે. કોઈ એવું ઠાલું આશ્વાસન પણ આપશે કે ગભરાશો નહીં, બધું સારું થઈ જશે અને કોઈ એમ પણ કહેશે કે ઈશ્વરના રાજમાં કેવા અંધેર અને અન્યાય છે કે તમારા જેવા યુવાનને આવો જીવલેણ રોગ આપ્યો !

ધીર ધીરે તમારી ફરિયાદ-પેટીમાં આશ્વાસનો વધતાં જશે અને પરિણામ રૂપે તમારી ફરિયાદ કરવાની પ્રવૃત્તિ પણ વધતી જશે. આવી ફરિયાદ કરવાની વૃત્તિને કારણે એના મનમાં નકારાત્મક ભાવો વધતાં જશે અને એનું સમગ્ર જીવન કૅન્સરની વ્યાધિની આસપાસ ફરતું રહેશે. તમારી ફરિયાદ વિશે તમે પુનઃ નવેસરથી વિચાર કરો, તો તમને નૂતન જીવંત અભિગમ પ્રાપ્ત થશે. એને નિષેધાત્મક રીતે વિચારવાને બદલે વિધેયાત્મક રીતે વિચારશો, તો નવી સૃષ્ટિ નજર પડશે.

એવી વિકલાંગ વ્યક્તિઓ જોવા મળે છે કે જેમની પાસે હાથ હોતા નથી અને તેઓ પગનાં આંગળાઓમાં પીંછી ભરાવીને મનોહર ચિત્રો દોરતાં હોય છે. હવે વિચાર એ કરીએ કે એમણે જીવનભર હાથ નથી એવી ફરિયાદ જ કરે રાખી હોત તો શું થાત ? એમણે એવી ફરિયાદ કરવાને બદલે જુદી રીતે વિચારવાનું મુનાસિબ ધાર્યું અને તેને પરિણામે પોતાની વિકલાંગતાને વિશિષ્ટતામાં ફેરવી દીધી. પંજા વિનાનો પદ્મરાજ નામનો યુવક કુશળ કુસ્તીબાજ થઈ શકે કે અંધજનો ઊંચા પર્વતો આંબી શકે છે. એ ઘટનાઓ દર્શાવે છે કે આ એવી વ્યક્તિઓ છે કે જેમણે અભાવની, શારીરિક મર્યાદાની કે વિકલાંગતાની ફરિયાદ કરવાને બદલે પરિસ્થિતિને સાવ જુદો જ પલટો આપ્યો. કપાળે હાથ દઈને બેસી રહેવાને બદલે વિપરિત સંજોગો સામે ઝઝૂમ્યા અને નવી જ દિશા ખોલી આપી.

એમણે તેમની 'ડિસ-ઍબિલિટી' ને 'ડિફરન્ટ-ઍબિલિટી' માં પલટી નાખી. પોતાના જીવનમાંથી ફરિયાદનો તો નિકાલ કરી દીધો, પણ એથીય વિશેષ પોતાની ક્ષમતાથી સર્વનું ધ્યાન ખેંચ્યું. **જીવનમાં ફરિયાદને ધન્યતામાં ફેરવવાની આવડત કેળવવી જોઈએ. જે વ્યક્તિઓ આવી દૃષ્ટિ, અભિગમ અને આવડત કેળવે છે, તેઓ આ જગતમાં પોતાની આગવી છાપ ઊભી કરે છે, આથી કોઈ પણ ક્ષણે એમ માનવું જોઈએ કે તમારા પર તૂટી પડેલી આફતનો કોઈ ઉકેલ છે, માત્ર એ ઉકેલ પામવા માટે તમારે એને વિશે જુદી તરેહથી, જુદા અભિગમથી અને જુદી રીતે ચિંતન કરવું જરૂરી છે.**

વળી, આવી વ્યક્તિ પોતાનું ઉદાહરણ આપીને બીજાને પ્રેરણારૂપ થવાનો પ્રયત્ન કરશે. તમે જ વિચારો કે તમારા જીવનમાં કોઈ એવી બાબતો હોય કે જેને તમે અશક્તિ માનતા હો, એને વિશે કોઈ ભિન્ન અભિગમ અપનાવીને અશક્તિને તમે શક્તિમાં પલટી શકો છો. આ નાવીન્યની શોધ માટે એક નવા વિશ્વની તમારે ખોજ

કરવી પડશે અને એ વિશ્વ આનંદ અને મોજથી ભર્યું ભર્યું હશે.

વ્યક્તિનો અભાવ કે અશક્તિ જેમ ફરિયાદ રૂપે પ્રગટ થાય છે, એ જ રીતે ગુસ્સા રૂપે પણ પ્રગટ થાય છે. આજના અતિ વ્યસ્ત અને તીવ્ર ઝડપી સમયમાં માણસનું મન અનેક કાર્યોમાં વ્યસ્તતા સાથે વેગથી દોડતું હોય છે. એને એકસાથે અનેક કામો નિપટાવવાનાં હોય છે અને તેથી કાર્યો પૂર્ણ કરવાના અભરખાને લીધે એ વારંવાર અધીર બનીને શાંતિ અને સ્વસ્થતા ગુમાવે છે.

**આમેય આ યુગમાં ધૈર્ય, સહિષ્ણુતા અને સમર્પણ લગભગ વિદાય પામી ચૂક્યાં છે.** શિક્ષક પાસે એટલું ધૈર્ય નથી કે એ નબળા વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન આપીને હોંશિયાર બનાવે, આથી એ આ વિદ્યાર્થીને વારંવાર ઠપકો આપવાનું જ કામ કરશે. કંપનીના સી.ઈ.ઓ. પાસે એટલી નિરાંતભરી શ્રવણશક્તિ નથી કે એ પોતાના કર્મચારીની વાતને બરાબર સાંભળી અને સમજી શકે. એને બદલે એ કર્મચારીને ધમકાવવાનો ટૂંકો રસ્તો વધુ પસંદ કરશે.

સંયુક્ત કુટુંબ હોય તો સાસુની વાતને ધૈર્યથી વિચારવાની હવે વહુની આદત રહી નથી અથવા તો પત્નીની વાતને શાંતિથી સાંભળવાનો પતિનો સ્વભાવ રહ્યો નથી. આમ, ધૈર્યના અભાવે વર્તમાન સમાજમાં ઘણા નવા પ્રશ્નો સર્જાયા છે. એને કારણે અહીં સંબંધો લાંબા ટકતા નથી, પરંતુ થોડાક સમયમાં જ એમાં તિરાડ પડે છે. **આજે સહિષ્ણુતાને સામાજિક વ્યવહારમાંથી જીવનવટો મળ્યો છે. હિંસા ઉત્તેજતી ફિલ્મોનું કારણ હોય કે પછી આજની જીવનશૈલી હોય, પણ સહિષ્ણુતા હવે લેશમાત્ર રહી નથી એટલું જ નહીં, બલ્કે એની સામે એવો પ્રશ્ન ખડો કરવામાં આવ્યો છે કે આવી સહિષ્ણુતા રાખવી શા માટે ? સહિષ્ણુતા તો નિર્બળતા ગણાય !** પુત્ર પાસે પિતાની વાત સાંભળવાની-સમજવાની સહિષ્ણુતા નથી અને 'બોસ' પાસે કર્મચારીની વાત જાણવાની સહિષ્ણુતા નથી.

આ બધાં કરતાંય સમર્પણ એ તો સાવ ભુલાઈ ગયું છે. જ્યાં દરેક વ્યક્તિ પોતે પોતાના હિતને માટે જીવતી હોય, ત્યાં અન્યના હિતનો વિચાર કોણ કરે ? આથી સમર્પણ એ હવે વાસ્તવિકતા નથી, પણ આપણી સંસ્કૃતિનાં પૃષ્ઠો પર રહેલી ભાવના છે. **ધૈર્ય, સહિષ્ણુતા અને સમર્પણના અભાવે માણસ ગુસ્સાનો ભોગ બને છે.** એ ઘરમાં, વ્યવહારમાં, વ્યવસાયમાં અને સર્વત્ર ગુસ્સો દાખવતો રહે છે. એમ લાગે કે મોટા ભાગના માનવીઓના સ્વભાવ જ ગુસ્સો બની જાય છે. આ જગતમાં આવા ગુસ્સાબાજો સતત ઉમેરાતા જાય છે. **વ્યક્તિનો ગુસ્સો બીજાના મનમાં એને વિશે કટુતા ઊભી કરે છે, પરંતુ એના પોતાના શરીરના સ્વાસ્થ્ય પર પણ એની અવળી અસર થાય છે. આવા ગુસ્સાને કારણે વ્યક્તિના મસલ્સમાં તનાવ આવે છે. એને માથું દુઃખે છે અને એનું બ્લડપ્રેશર પણ વધે છે.**

વળી, વ્યક્તિને ગુસ્સો કરવાની આદત પડી જાય છે અને એ વારંવાર ગુસ્સો કરવા લાગે છે. મોટી ઘટનાઓમાં ગુસ્સો કરનાર ધીરે ધીરે નાનીશી ઘટનામાં પણ ગુસ્સો કરતો થઈ જાય છે અને પછી એની વાણી અને વર્તનમાં પણ ગુસ્સો સતત છલકાયા કરે છે ! **આ રીતે પહેલાં એ અકળાઈને ગુસ્સો કરતો હતો, પછી એ ગુસ્સો કર્યા વિના અકળાઈ જાય છે.** આવા ગુસ્સાને એ મનમાં રાખતો હોય છે અને એને પરિણામે એનું જીવન રૂંધાતું હોય છે.

આથી જ ગ્રીસના વિખ્યાત ગણિતશાસ્ત્રી પાયથાગોરસે કહ્યું છે કે ક્રોધનો પ્રારંભ મૂર્ખતાથી થાય છે અને સમાપ્તિ પશ્ચાત્તાપથી થાય છે. પરંતુ ક્રોધ જેમ વધુ ને વધુ માણસમાં રહે, તેમ એ એનાં

મન અને તન બંનેને માટે હાનિકારક છે. એના મનમાંથી બીજા ભાવો દૂર થઈ જાય છે અને માત્ર ક્રોધ જ ઘૂમ્યા કરે છે. એના ભોજન અને શરીર પર ક્રોધની અસર થાય છે, આથી જ મહર્ષિ ચાણક્યે ક્રોધને યમરાજ કહ્યો છે. **પેલા યમરાજ બહાર હોય છે, ક્રોધ એ વ્યક્તિની ભીતરમાં વસતા યમરાજ છે.**

કયો માનવી સાચો સારથિ છે ? કઈ વ્યક્તિ પોતે પોતાના જીવનનો રથ ચલાવે છે ? ભગવાન બુદ્ધે આ વિશે સુંદર ઉદાહરણ આપ્યું છે. એક સારથિ એવો છે કે જે જરૂર પડે તત્કાળ લગામ ખેંચીને રથને ઊભો રાખી શકે છે અને બીજો સારથિ એવો છે કે જેની પાસે લગામ હોય છે, પણ રથને દોડતો અટકાવી શકતો નથી. પ્રથમ પ્રકારનો સારથિ એ સાચો સારથિ છે. જે મનુષ્ય પોતાના મનમાં ક્રોધ જાગે એને એકાએક અટકાવી શકે તે સફળ સારથિ અને જેના મનમાં ક્રોધ જાગ્યો હોય છતાં લગામ ખેંચીને અટકાવી ન શકે તે નિષ્ફળ જીવનસારથિ છે. આથી **ક્રોધ એ વ્યક્તિની શક્તિ, સ્વાર્થ, બળ, આયુષ્ય અને બુદ્ધિ એ સઘળાનું ભોજન કરી જાય** છે અને 'વામનપુરાણ' તો કહે છે કે -

> **" यत क्रोधनो यजति यच्च ददाति नित्यं यद्धा तपस्तपति यच्च जुहोति तस्य प्राप्नोति नैव किमपीह फलं हि लोके मोघं फलं भवति तस्य हि कोपनस्य । "**

'ક્રોધી મનુષ્ય જે કંઈ પૂજન કરે છે, રોજ જે કંઈ દાન કરે છે, જે કંઈ તપ કરે છે અને જે કંઈ હોમ કરે છે, તેનું એને આ લોકમાં ફળ મળતું નથી. એ ક્રોધીને બધાં ફળ વૃથા છે.'

ભારતીય અને પાશ્ચાત્ય બંને વિચારધારાઓમાં ક્રોધની ભયાવહતાનું વર્ણન મળે છે અને એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે ભગવાન મહાવીર અને ચંડકૌશિક સર્પનો પ્રસંગ. આ ચંડકૌશિક એક ભવમાં ઉગ્ર તપસ્વી હતો. એ તપ કરતો હતો, પરંતુ ક્રોધ પર કોઈ અંકુશ ધરાવતો નહોતો. તપ એ ક્રોધનું પણ કારણ બની શકે છે. ઘણા તપસ્વીઓને વારંવાર ગુસ્સે થતાં તમે જોયા હશે !

ચંડકૌશિક ઉગ્ર તપસ્વી હોવા છતાં એક સમયે ગુસ્સે થતાં પોતાના શિષ્યને મારવા દોડયા. ક્રોધની આંખો અંધ હોય છે. ચંડકૌશિક તપસ્વી ખૂબ દોડ્યા, પરંતુ વચ્ચે થાંભલો આવતાં એની સાથે અથડાયા અને કાળધર્મ પામ્યા. એ પછી કેટલાક ભવ બાદ એ પાંચસો તપસ્વીઓના સ્વામી બન્યા. ચંડકૌશિક નામે તાપસ બન્યા, પરંતુ એમનો ગુસ્સો ગયો નહોતો. અગાઉના ભવની ક્રોધની મૂડી હજી અકબંધ હતી. એમના આશ્રમના બાગમાં ફળ તોડતાં રાજકુમારો પર ક્રોધે ભરાતાં એમને કુહાડી લઈને મારવા દોડ્યા. ક્રોધી તાપસ ચંડકૌશિકે એવી આંધળી દોટ મૂકી કે વચમાં આવતો ઊંડો કૂવો દેખાયો નહીં અને હાથમાં રહેલી કુહાડી ઊંધે કાંધ પડેલા તાપસ ચંડકૌશિકના માથામાં વાગી અને એ મૃત્યુ પામ્યા. એ પછીના ભવમાં એ તાપસ દૃષ્ટિવિષ સર્પ ચંડકૌશિક બન્યો.

આ કથા સંકેત કરે છે કે ક્રોધ વ્યક્તિની ઉત્તરોત્તર કેવી દુર્દશા કરે છે ! પહેલાં તપસ્વી તરીકે સાધુના ઉપાશ્રયમાં રહેતા હતા, પછી તાપસ થઈને ઉપવનમાં રહેવાનું બન્યું અને ત્યારબાદ વેરાન અને નિર્જન વનમાં વસવાનું આવ્યું.

આ ક્રોધને કારણે પહેલાં વૃદ્ધાવસ્થામાં, પછી યુવાની બાદ અને છેલ્લે જન્મથી જ એમનો જીવ ક્રોધમાં ખૂંપ્યો રહ્યો. પહેલાં તપસ્વી ચંડકૌશિક પોતાના રજોહરણથી શિષ્યને મારવા દોડ્યા હતા, પછી તાપસ ચંડકૌશિક કુહાડીથી મારવા દોડ્યા હતા અને છેલ્લે સર્વવિનાશક દૃષ્ટિવિષથી એ પશુ-પક્ષી અને માનવીઓને મારી નાખતા હતા.

ક્રોધને કારણે વ્યક્તિનો ભાવ પણ કેવો

વિકરાળ બને છે ! પહેલા બાળમુનિને, પછી રાજકુમારોને અને છેલ્લે પ્રભુ મહાવીરને હણી નાખવાનો ચંડકૌશિકને મનસૂબો જાગ્યો. આનું કારણ એટલું જ કે **વ્યક્તિ ક્રોધ કરે, ત્યારે વિવેકને વીસરી જાય છે. આથી ક્રોધને અંધ કહેવામાં આવ્યો છે અને આવા અંધ ક્રોધને કારણે વ્યક્તિ પોતે પોતાની હાનિ સમજી શકતો નથી.**

માનવી ક્રોધ કરે ત્યારે કેવો વિકૃત થઈ જાય છે ! આંખો પહોળી થઈને અંગારા વરસાવવા લાગે છે. ગુસ્સામાં કોઈને થપ્પડ લગાવી દે છે કે અપશબ્દો બોલવા માંડે છે. **ક્રોધ કરનાર સામી વ્યક્તિને જ નહીં, પરંતુ સમગ્ર વાતાવરણને કલુષિત કરી નાખે છે, આથી જ સેક્સપિયરે ક્રોધને સમદ્ર જેવો બહેરો અને આગ જેવો ઉતાવળો કહ્યો છે.** દક્ષિણ ભારતના સંત તિરુવલ્લુવર કહે છે કે આગની પાસે જે જાય તેને આગ બાળે છે, પણ ક્રોધાગ્નિ તો આખા કુટુંબને ભસ્મીભૂત કરી નાખે છે. ક્રોધમાં માણસની આંખ બંધ થઈ જાય છે અને એનું મુખ ખુલ્લું રહી જાય છે. એ વિવેકને ચિત્તમાંથી હાંકી કાઢે છે અને દરવાજે એવો આગળો મારે છે કે વિવેક ફરી પાછો દાખલ થઈ શકે નહીં. આવો ક્રોધ એ મધપૂડામાં પથ્થર મારવા જેવો છે અને એ તરત જ વેરમાં પલટાઈ જાય છે.

**ક્રોધ ત્યારે જ ઓછો થાય કે જ્યારે વ્યક્તિ આત્મદર્શી બને.** આનું કારણ એ છે કે ક્રોધનું શસ્ત્ર પહેલાં તો ક્રોધીને જ સ્વયં નુકસાન કરે છે. ભગવાન બુદ્ધે કહ્યું છે કે ઉકળતા પાણીમાં પ્રતિબિંબ ન દેખાય, તેમ ક્રોધી માણસ એ જોઈ શકતો નથી કે તેનું હિત શેમાં છે. ક્રોધનો ભાવ એક વખત હૃદયમાં જાગે એટલે એ ભાવ એના હૃદયમાં સતત વધતો રહે છે. એક વાર એક ઘટના ક્રોધનું કારણ બની પછી એ ઘટના એની સમક્ષ ન હોય, તો પણ એના હૃદયમાં ક્રોધની આગ વધુ ને વધુ પ્રજ્વળતી રહે છે. **બીજી આગને ઉદ્દીપ્ત કરવા માટે ઘી કે લાકડાંની જરૂર પડે છે, પરંતુ ભીતરમાં જાગેલી ક્રોધની આગ માત્ર સ્મરણથી વધુ ને વધુ પ્રજ્વલિત થતી રહે છે અને એ વ્યક્તિને વધુ ને વધુ બાળતી રહે છે.**

વળી, આ ક્રોધ જાગે છે ત્યારે માત્ર એક જ ભાવ વ્યક્તિના ચિત્તમાં હોતો નથી. આ ક્રોધની સાથે એના મિત્ર તરીકે દ્વેષ આવે છે. એના સ્નેહી તરીકે ભય પધારે છે. એના સ્વજન તરીકે તિરસ્કાર વિના નિમંત્રણે હાજર થાય છે. એના પ્રિયજન તરીકે ઘમંડ અને વિવેકહીનતા એની સાથે લટાર લગાવે છે.

ક્રોધથી તમે અન્ય વ્યક્તિને માત્ર ગુસ્સાથી જ દુ:ખ આપતા નથી, પરંતુ તમારા ઘમંડથી પણ એના પર પ્રહાર કરો છો. એમાં સામી વ્યક્તિ પ્રત્યેનો તમારો તિરસ્કાર અને તોછડાઈ દેખાય છે, તો વિવેક ત્યજીને વ્યક્તિ વારંવાર મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. એનું બહેકેલું મન એની જીભને બેફામ બનાવે છે અને એ રીતે આ ક્રોધ અનેક અનિષ્ટ સર્જે છે.

'વામનપુરાણ' માં કહ્યું છે કે -

**'' क्रोधः प्राणहर : शत्रुं क्रोधोमितमुखो रिपुः**
**क्रोधोऽसिः सुमहातीक्ष्णः सर्वं क्रोधोऽपकर्षति**
**तपते यतते चैव यच्च दानं प्रयच्छति**
**क्रोधेन सर्व हरति तस्मात् क्रोधं विवर्जयेत् । ''**

''ક્રોધ પ્રાણનાશક શત્રુ છે. અનેક મુખધારી દુશ્મન છે, તલવારની તીક્ષ્ણ ધાર છે. ક્રોધ સર્વહારક છે, મનુષ્યનાં તપ, સંયમ અને દાન વગેરે ક્રોધને કારણે નષ્ટ થઈ જાય છે અને તેથી ક્રોધનો ત્યાગ કરવો જોઈએ.''

ક્રોધી એ હિંસાનો અપરાધી અને આનંદનો નાશક છે. **ક્રોધ આવે છે એક તરંગ રૂપે અને એમાંથી માનવીના મનને ઘેરી લેતો મહાસાગર બની જાય**

**છે. ગુસ્સાના નાનકડા બીજમાંથી વેરનું વટવૃક્ષ ઊભું થઈ જશે. ચિત્તના એક નાનકડા છિદ્રમાંથી એ પ્રવેશે છે અને સર્વત્ર વ્યાપી જાય છે. આવો ક્રોધ માનવને દાનવ બનાવી દે છે.**

ક્રોધને ઓળખવા માટે ગુસ્સાનું બીજ શોધવું જોઈએ. બીજ મળ્યા પછી એનાં ખાતર-પાણી બંધ કરવાં જોઈએ. ક્રોધના બીજને શોધીએ ત્યારે ખ્યાલ આવે કે મોટું અનિષ્ટ સર્જનારા ક્રોધનું મૂળ તો સાવ નાનું, સામાન્ય કે ક્ષુદ્ર છે. અઢાર દિવસના મહાભારતના યુદ્ધને અને એ પછીના દિવસે થયેલા સંહારને જોનારાએ વિચાર કરવો જોઈએ કે આનું મૂળ ક્યાં છે ? પાંડવોને પાંચ ગામ નહીં આપવાની દુર્યોધનની ક્રોધી અને અહંકારી મનોવૃત્તિએ કુટુંબ, કુળ, સેના, સ્વજનો અને માનવનો સંહાર કરાવી નાખ્યો.

મનમાં જરા ઊંડે ઉતરીને ક્રોધના મૂળને જોવાની જરૂર છે. પત્ની પતિ પર કે પતિ પત્ની પર ગુસ્સે થાય, ત્યારે ઘણા ગુસ્સાનું કારણ સાવ જુદું હોય છે. પત્ની કામથી કંટાળી ગઈ હોય કે પતિ પુષ્કળ કામ કરીને આવ્યો હોય અને કોઈ અણગમતાં વચનો બોલવામાં આવે ત્યારે ગુસ્સો જાગે છે. ખૂબ પરિશ્રમ કર્યા બાદ ઘેર આવેલા પતિનું પ્રવેશદ્વારે જ પત્ની પ્રશ્નોથી 'સ્વાગત' કરે તો ગુસ્સો આવે છે.

**અન્ય વ્યક્તિના મનોભાવને સમજવાની અશક્તિ ગુસ્સાની જનક બનતી હોય છે.** એવી જ રીતે પ્રત્યેક વ્યક્તિને જીવનમાં અમુક ગમા-અણગમા હોય છે. એને અણગમતી વાત બને એટલે ગુસ્સો આવે છે. નિયમિતતામાં માનનારી વ્યક્તિ અનિયમિત વ્યક્તિઓ પ્રત્યે ગુસ્સે થતી હોય છે, સ્વચ્છતાનો આગ્રહ રાખનાર અસ્વચ્છ આદતો તરફ અકળાઈને ગુસ્સે થતો હોય છે. **ગુસ્સે થવાનું એક મોટું કારણ પોતાની ભૂલનો અસ્વીકાર છે. વ્યક્તિ જો પોતાની ભૂલનો સાહજિક રીતે સ્વીકાર કરી લે, તો ગુસ્સાનાં ઘણાં કારણો દૂર થઈ જાય.**

એવું નથી કે મહાન પુરુષોને ક્રોધ સતાવતો નથી. એમના જીવનમાં પણ કોઈ ઘટના ક્રોધ જગાવી જતી હોય છે, પરંતુ એ ક્રોધ ક્ષણિક હોય છે, એમની ક્ષમાવૃત્તિ મનમાં જાગતા ક્રોધને ઠારી દે છે.


## ફોર્મ નં. ૪, નિયમ : ૮

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા- ૩૮૨૦૦૭.<br>(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)<br>જિ. ગાંધીનગર. ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૪૮૪<br>ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨ |
| ૨. | પ્રકાશન- અવધિ | : | માસિક |
| ૩. | મુદ્રક-પ્રકાશક-માસિક | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા-૩૮૨ ૦૦૭. |
| ૪. | તંત્રીનું નામ | : | શ્રી મિતેશભાઈ એ. શાહ - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા-૩૮૨ ૦૦૭. |

હું નીતિનભાઈ આઈ. પારેખ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

કોબા, તા. ૧-૩-૨૦૧૧

નીતિનભાઈ આઈ. પારેખ - ચેરમેન
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

## શ્રી પદ્મનંદિ આચાર્ય રચિત
# 'એકત્વસપ્તતિ'નું આચમન (ક્રમાંક-૬૪)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

"વ્યવહારના પ્રસંગને સાવધાનપણે, મંદ ઉપયોગે, સમતાભાવે નિભાવ્યો આવજે. બીજા તારું કેમ માનતા નથી એવો પ્રશ્ન તારા અંતરમાં ન ઊગો. બીજા તારું માને છે એ ઘણું યોગ્ય છે, એવું સ્મરણ તને ન થાઓ. તું સર્વ પ્રકારે તારાથી પ્રવર્તો. જીવન-અજીવન પર સમવૃત્તિ હો. જીવન હો તો એ જ વૃત્તિએ પૂર્ણ હો. ગૃહવાસ જ્યાં સુધી સર્જિત હો ત્યાં સુધી વ્યવહાર પ્રસંગમાં પણ સત્ય તે સત્ય હો. ગૃહવાસમાં તેમાં જ લક્ષ હો. ગૃહવાસમાં પ્રસંગીઓને ઉચિત વૃત્તિ રાખતાં શીખવ, સઘળાં સમાન જ માન. ત્યાં સુધીનો તારો કાળ ઘણો જ ઉચિત જાઓ. અમુક વ્યવહાર - પ્રસંગનો કાળ. તે સિવાયનો તત્સંબંધી કાર્યકાળ. પૂર્વિત કર્મોદય કાળ. નિદ્રાકાળ. જો તારી સ્વતંત્રતા અને તારા ક્રમથી તારા ઉપજીવન-વ્યવહાર સંબંધી સંતોષિત હોય તો ઉચિત પ્રકારે તારે વ્યવહાર પ્રવર્તાવવો. તેની એથી બીજા ગમે તે કારણથી સંતોષિત વૃત્તિ ન રહેતી હોય તો તારે તેના કહ્યા પ્રમાણે પ્રવૃત્તિ કરી તે પ્રસંગ પૂરો કરવો, અર્થાત્ પ્રસંગની પૂર્ણાહુતિ સુધી એમ કરવામાં તારે વિષમ થવું નહીં. તારા ક્રમથી તેઓ સંતોષિત રહે તો ઔદાસીન્યવૃત્તિ વડે નિરાગ્રહભાવે તેઓનું સારું થાય તેમ કરવાનું સાવધાનપણું તારે રાખવું." પરમકૃપાળુદેવ પત્રાંક-૧૧૧માં સમતાભાવની પુષ્ટિ આપે છે. 'જીવન-અજીવન પર સમવૃત્તિ હો' - આ ભાવના સાધક ઘૂંટ્યા કરે છે તેને રાગ-દ્વેષથી પર સમવૃત્તિની અપૂર્વ આંતરભાવના વ્યક્ત થાય છે.

શ્રી પદ્મનંદિ આચાર્ય વિરચિત 'પદ્મનંદિ પંચવિંશતિ' ગ્રંથના 'એકત્વ સપ્તતિ' પ્રકરણનું આપણે આચમન કરી રહ્યા છીએ. તેના શ્લોક ૬૫ માં આચાર્યદેવ ફરમાવે છે કે સામ્ય એટલે જ્યાં કોઈ આકાર નથી, જ્યાં અકારાદિ અકાર નથી, જ્યાં કૃષ્ણ, નીલ જેવા વર્ણ નથી અને જ્યાં કોઈ વિકલ્પ નથી. પણ જ્યાં કેવળ એક ચૈતન્ય જ પ્રતિભાસિત થાય છે તે સામ્ય છે. આ સામ્યભાવને વધુ દૃઢ કરતાં શ્લોક ૬૬ માં કહે છે-

**साम्यमेकं परं कार्यं साम्यं तत्त्वं परं स्मृतम् ।**
**साम्यं सर्वोपदेशानामुपदेशो विमुक्तये ।।**

અર્થાત્ સામ્યભાવ એક ઉત્કૃષ્ટ કાર્ય છે. સામ્યભાવ ઉત્કૃષ્ટ તત્ત્વ માનવામાં આવે છે. સર્વ ઉપદેશોનો ઉપદેશ સામ્યભાવ છે. કારણ કે તેનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

સમતાભાવથી સર્વકર્મથી મુક્તિ પ્રાપ્ત થાય છે. એવી પરમ શ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ અવસ્થા સામ્યભાવમાં ગુપ્તપણે રહી છે. જે સદા જાગૃત છે તે સમભાવમાં જીવી જાય છે. જે અજાગૃત છે તે નિરંતર વિષમભાવમાં રહે છે અને સંસારાટવીમાં પરિભ્રમણ કરે છે.

જે કરવા યોગ્ય ઉત્કૃષ્ટ કાર્ય છે તે સામ્યભાવ છે. **साम्यं एकं परं कार्यम्** - સંસારી જીવ અનેક કાર્ય કરે છે એમ માને છે. સંસારી કાર્યવિધિમાં સતત ચિત્તને જોડાયેલું રાખીને અકાર્યમાં રહે છે કે જેમાં પ્રયોજનની સિદ્ધિ નથી. ખરેખર ઉત્કૃષ્ટ કાર્ય છે સમતાભાવ. પૂ. અમિતગતિ આચાર્ય સામાયિક પાઠમાં કહે છે,

"સૌ પ્રાણી આ સંસારનાં સન્મિત્ર મુજ વ્હાલાં થજો,
સદ્ગુણમાં આનંદ માનું, મિત્ર કે વૈરી હજો,

દુઃખીયા પ્રતિ કરુણા અને દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા.''

મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થભાવપૂર્ણ જીવન સમતા પ્રતિ પ્રેરે છે. જૈનદર્શનનું મહાન સર્વોત્કૃષ્ટ પ્રદાન સામ્યભાવ છે, જે પરમ મુક્તિનું કારણ છે. જીવનમાં અનેક કાર્યો છે તે સર્વે ઉત્કૃષ્ટ નથી. સમતાભાવ તે ઉત્કૃષ્ટ કાર્ય છે કે જેની સિદ્ધિમાં આત્માની સહજદશા વર્તે છે.

**साम्यं तत्त्वं परं** - સમતાભાવ ઉત્કૃષ્ટ તત્ત્વ છે. **तत् + त्व** - = જેમાં તત્ - પણું છે. જેમાં યથાર્થતા ગર્ભિત છે. જે પરમોચ્ચ છે. જૈનદર્શનના પાયામાં છ દ્રવ્ય અને નવ તત્ત્વ રહ્યા છે. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળદ્રવ્ય જેથી જગતની સિદ્ધિ છે તથા ભાવરૂપ પરિણમનમાં નવ તત્ત્વ છે. જીવ નામનો પદાર્થ ચેતન છે અને અચેતન તે અજીવ તત્ત્વ. જીવના શુભ-અશુભ ભાવનું આવવું તે આસ્રવ, જેમાં પુણ્ય પાપ તત્ત્વનો સમાવેશ થાય છે. જે કર્મ બંધાય છે તેની નિર્જરા થાય છે. તે કર્મો સંવર તત્ત્વથી નિર્જરે છે. તેથી સંવર-નિર્જરા સિદ્ધ થાય છે. સંસારભાવ અર્થાત્ રાગ-દ્વેષ રૂપ પરિણતિથી બંધ થાય છે અને અભેદભાવમાં નિમગ્નતા મોક્ષ અવસ્થા છે. નવ તત્ત્વો પર્યાયમાં હોય છે. આ તત્ત્વોથી પણ ઉત્કૃષ્ટ તત્ત્વ સમતાભાવ છે. ભગવાન મહાવીરનો સમતાભાવ - કોઈ પૂજા કરે તો નથી થતો રાગ અને કોઈ ઉપસર્ગ આપે તો નથી થતો દ્વેષ - સમતાભાવ સ્વરૂપ આત્મામાં લીનતા છે. શ્રી ગજસુકુમાર મુનિને મરણાંત ઉપસર્ગ આપ્યો છે. ઉપસર્ગ આપનારનો વિકલ્પ પણ નથી. આત્મભાવ સ્વરૂપ સમતાભાવમાં સ્થિરતા વર્તે છે. મહાસતી ચંદનબાળાને શેઠાણી ઉપસર્ગ આપે છે. ચંદનબાળા કોઈનો દોષ જોતા નથી. સમભાવમાં સ્થિતિ કરી કર્મની પરંપરાને નષ્ટ કરે છે. એવા અનેક દૃષ્ટાન્તો આપણી નજર સમક્ષ ચિત્રાવલી રૂપે દેખાય છે. **साम्यं तत्त्वं परम्** - ઉપદેશોમાં શ્રેષ્ઠ ઉપદેશ સમતાભાવ છે. **सर्व उपदेशनाम् उपदेशः इति साम्यः** - ઉપદેશ એટલે શું ? અર્થાત્ ઉપ = સમીપ અને દેશ = સ્વદેશ. પોતાનો શાશ્વત દેશ આત્મા. જેમાં આત્માનું સામીપ્ય, આત્માની લીનતા, સ્થિરતા, રમણતા, આચરણ તે જ ઉપદેશ કહી શકાય. આત્માની પ્રાપ્તિનો બોધ જેમાં નીહિત છે તે ઉપદેશ છે. અન્ય શુભભાવનો ઉપદેશ શાસ્ત્રમાં વર્ણવાયો છે તે શુભબંધનું કારણ બને છે એવી અભિપ્રાયની સ્પષ્ટતા સાધકના ચિત્તભૂમિમાં હોય છે. તેથી ઉપદેશમાં સાધક વધુને વધુ આત્મભાવ સ્થિતિના ઉપદેશનો સ્વીકાર કરે છે. તીર્થંકરની દિવ્યધ્વનિમાં પ્રધાનતયા આત્મસ્થૈર્યતા વર્ણવાઈ છે, જે પરમ મુક્તિનું કારણ છે. તીર્થંકરોની દિવ્યધ્વનિની અમૃતવાણીની મીઠાશ જોઈને દ્રાક્ષો શરમાઈને વનમાં ચાલી ગઈ, શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પીલાઈ ગઈ ! દિવ્યધ્વનિનું માહાત્મ્ય વિશિષ્ટ છે તો જિનેન્દ્રદેવના ચૈતન્ય મહિમાની કેવી બલિહારી !

જ્ઞાનીનો બોધ સર્વપ્રકારને દૃષ્ટિમાં સ્થાપીને આવે છે. ઉપદેશમાં સાધક વિશેષ વૃદ્ધિ પ્રાપ્ત કરે તેવી અંતરંગ ભાવના હોય છે. એકવાર ગુરુ અને શિષ્ય સાથે બેઠા છે. ગુરુ પાસે ત્રણ વ્યક્તિ ભિન્ન ભિન્ન રીતે આવે છે. પહેલી વ્યક્તિએ પૂછ્યું, 'હે ગુરુદેવ ઈશ્વર છે ?' ગુરુ કહે, 'ઈશ્વર નથી.' બીજી વ્યક્તિએ પૂછ્યું, 'ગુરુદેવ ઈશ્વર છે ?' 'હા ઈશ્વર છે.' ત્રીજી વ્યક્તિ આવીને પૂછે છે, 'ગુરુદેવ ! ઈશ્વર છે ?' ગુરુદેવ આંખ બંધ કરીને શાંત થઈ ગયા. સાથે બેઠેલા શિષ્યે કહ્યું, 'ગુરુદેવ આપે બધાને જુદા જુદા જવાબ આપ્યા તેનું રહસ્ય સમજાવવા કૃપા કરો.' ગુરુદેવ કહે, ''અમારા ઉપદેશનું પ્રયોજન જીવમાં ઉગતા વિવિધ અભિપ્રાયોને જડમૂળથી ઉખેડી

નાખવાનું હોય છે, જેથી સહજભાવમાં જીવ જીવતો થાય. પહેલી વ્યક્તિ શાસ્ત્રનો અભ્યાસી અને ઈશ્વરની દૃઢ માન્યતા ધરાવતો હતો. તેની માન્યતાના નાશ માટે ઈશ્વર નથી કહ્યું હતું. બીજી વ્યક્તિ નાસ્તિક હતી. તેથી તેનો આગ્રહ તોડાવવા ઈશ્વર છે એમ કહ્યું હતું. ત્રીજી વ્યક્તિ સાધક હતી - તેથી આંખ બંધ કરી શાંત બેસી ગયો. તેને એવો ઉપદેશ આપ્યો કે આ બધા વિકલ્પોથી શાંત થઈ જા અને અંદરમાં જા." અભિપ્રાયથી મુક્ત થાય તે ગુરુ જ્ઞાની પુરુષોની કાર્યવિધિ છે. પથ્થરમાંથી પ્રતિમા કરનાર શિલ્પી પથ્થરને ઉપરથી - નીચેથી બાજુમાંથી જ્યાં જ્યાં જરૂરિયાત લાગે ત્યાં ત્યાં ટાંકણું લગાવે અને પ્રતિમા પૂજનીય કરે. તેમ સદ્‌ગુરુ રૂપી શિલ્પકાર સાધકને શું જરૂર છે તે સ્વ પ્રજ્ઞાપુંજથી જાણી આત્મ સામીપ્ય બક્ષે છે.

સદ્‌ગુરુ સમતાભાવમાં જીવે છે અને ઉપદેશ આપે છે. માટે કહ્યું છે કે સર્વ ઉપદેશોનો ઉપદેશ સામ્યભાવ છે. પત્રાંક ૨૯૨ માં પરમકૃપાળુદેવ જણાવે છે, "કુટુંબાદિક સંગ વિશે લખ્યું છે તે ખરું છે. તેમાં પણ આ કાળમાં એવા સંગમાં જીવે સમપણે પરિણમવું એ મહાવિકટ છે, અને જેઓ એટલું છતાં પણ સમપણે પરિણમે, તે નિકટભવી જીવ જાણીએ છીએ." સાધકની સાધના પણ પ્રધાનપણે જ્ઞાનીઓએ દર્શાવી છે કે રાગ અને દ્વેષના દ્વન્દ્વથી પાર આત્મ-સમભાવમાં રહેવું એ મુક્તિનું કારણ છે.

મુક્તિના માર્ગો ભિન્ન ભિન્ન દર્શાવાયા છે પણ સામ્યભાવ મુક્તિનો પરમમાર્ગ છે. સામ્યભાવ - સાક્ષીભાવ - સમભાવ - સમતાભાવ - જ્ઞાતાદૃષ્ટાપણું - શુદ્ધ આત્મપ્રદેશોમાં સ્થિતિ, આત્મસ્થિતિ - અભેદભાવે જીવવું આ બધા જ સામ્યભાવને પ્રબોધે છે. જેથી મુક્તિનું સામીપ્ય સધાય છે. આ જ સત્‌માર્ગ છે. પૂજ્ય બેનશ્રી ચંપાબેન જણાવે છે, "અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુ:ખોને વેદતો રહ્યો છે. કોઈવાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો અને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંતવાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, દશા પામ્યો, આવા સત્‌પુરુષ મળ્યા. હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર. આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારાં સત્પુરુષ ફરી નહિ મળે." માટે જે સદ્‌ગુરુ ઉપદેશ આપે તેનું આપણે ઘૂંટણ કરવું જોઈએ. એકાન્તમાં આત્મરસ વૃદ્ધિ પામે તેવા પરમગ્રંથોનું અધ્યયન કરવું જોઈએ. આત્મલગનીને રસપૂર્ણ બનાવી ધ્યેયપૂર્વક વળગી રહેવાથી સ્વમાર્ગ અંતરંગમાં પ્રગટે છે અને આત્માનંદ સુધી પહોંચી શકાય છે.

પત્રાંક - ૫૫૭ માં પરમકૃપાળુદેવની સમાધિભાષા ઉપદેશિત થાય છે, "સમય માત્ર પણ અપ્રમત્તધારાને નહીં વિસ્મરણ કરતું એવું જે આત્માકાર મન તે વર્તમાન સમયે ઉદય પ્રમાણે પ્રવૃત્તિ કરે છે, અને જે કોઈ પણ પ્રકારે વર્તાય છે, તેનું કારણ પૂર્વે નિબંધન કરવામાં આવેલો એ ઉદય છે. તે ઉદયને વિષે પ્રીતિ પણ નથી અને અપ્રીતિ પણ નથી. સમતા છે; કરવા યોગ્ય પણ એમ જ છે." આ વચનામૃતમાં સમતા રાખવા યોગ્ય છે એવો બોધ પ્રગટ થાય છે. સાધકને સાધકભાવમાં સમતાભાવ પરમ કરણીય છે.

**(ક્રમશઃ)**

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ )

## ૭મા તીર્થંકર શ્રી સુપાર્શ્વજિન સ્તવન

જિનેશ્વર ભગવાનને ભાવપૂર્વક વંદન કરવાથી અને સાવધાન મનથી તેમની તાત્ત્વિક ભક્તિ કરવાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં જીવ સાત ભયથી મુક્ત થાય છે અને ભવસાગર પાર પામી આત્મિક સુખસંપત્તિનો સ્વામી થાય છે, એ વાત શ્રી આનંદઘનજીએ પહેલી બે ગાથામાં કરી.

મુમુક્ષુ જીવથી માંડીને ઉચ્ચ કક્ષાના જ્ઞાનીપુરુષો પ્રભુના ગુણગાન અનેકાનેક પ્રકારે ગાતા ધરાતા નથી. પ્રભુ અનંત ગુણોના ધારક હોવાથી તેમના ગમે તેટલા ગુણો ગાઈએ તો પણ ઓછા પડે છે. તેથી ભક્ત તેમના અનેકવિધ ગુણવાચક નામ વડે તેમના ગુણોને ઓળખી, તે ગુણો પ્રત્યે ભ્રમરની જેમ આસક્ત થઈ તે ગુણોને સ્વયં પોતાનામાં પ્રગટાવવાનો ઉદ્યમ કરે છે. આનંદઘનજી પણ હવે પ્રભુના વિવિધ નામો દ્વારા પ્રભુના વૈવિધ્યપૂર્ણ ગુણોની ઓળખાણ કરાવે છે.

**શિવશંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન; લ.**
**જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિસ્વરૂપ અસમાન.લ.**
**શ્રી સુપાસ૦ ૩.**

**શબ્દાર્થ :** શ્રી સુપાર્શ્વનાથ શિવ છે, શંકર છે, જગદીશ્વર છે, ચિદાનંદ છે, ભગવાન છે, જિન છે, અરિહંત છે, તીર્થંકર છે, જ્યોતિસ્વરૂપ છે અને અદ્વિતીય છે. (શિવ = કર્મ ઉપદ્રવનો નાશ કરનાર, મોક્ષસ્વરૂપ, કલ્યાણસ્વરૂપ; શંકર = સુખના કરનારા; જગદીશ્વરુ = જગતના ઈશ્વર; ચિદાનંદ = જ્ઞાનાનંદી, ચૈતન્યના આનંદમાં લીન; જિન = રાગદ્વેષને જીતનાર; અરિહંત = કર્મશત્રુને હણનાર; તીર્થંકર = તીર્થના કરનાર; અસમાન = અદ્વિતીય, અનુપમ, Unique)

**વિશેષાર્થ :** ભગવાનનાં જેટલાં નામ છે તે બધાં ગુણવાચક છે. તેમાં કેટલાંક તેમના વ્યાવહારિક એટલે કે લોકકલ્યાણ દર્શાવતા ગુણો છે, તો કેટલાંક પારમાર્થિક એટલે કે તેમના શુદ્ધાત્માના સ્વાભાવિક ગુણો છે. શાસ્ત્રોમાં ભગવાનને ૧૦૦૮ નામથી સંબોધાયા છે. પંડિતપ્રવર શ્રી આશાધરજી રચિત 'શ્રી જિન સહસ્ર નામ' - આ પુસ્તકમાં તેમના ૧૦૦૮ નામો અર્થસહિત આપ્યા છે, ત્યાંથી વિશેષ અભ્યાસ કરી શકાશે. આ પુસ્તક તથા અન્ય સાહિત્યના આધારે આપણે હવે આનંદઘનજીએ અહીં આપેલ નામોનો વિશેષાર્થ સમજવાનો પ્રયત્ન કરીએ.

**શિવ :** આ નામના કેટલાક અર્થ આ પ્રમાણે છે :

(૧) પરમ કલ્યાણસ્વરૂપ (૨) મોક્ષને પામેલા (૩) કર્મ ઉપદ્રવના નિવારક. ભગવાન સ્વયં મોક્ષને પામી, જગતના જીવોને મોક્ષનો માર્ગ બતાવી તેમનું કલ્યાણ કરે છે. તેમના બોધને અનુસરવાથી કર્મના ઉપદ્રવનો નાશ થતાં જીવ મોક્ષને પામે છે. માટે પ્રભુને 'શિવ' કહ્યાં છે.

**શંકર :** 'શં' એટલે સુખ અને 'કર' એટલે કરનારા. પરમાત્મા સ્વયં અનંત સુખના સ્વામી છે - તેમની ભક્તિ દ્વારા આપણને પણ સ્વરૂપ પ્રાપ્તિ થતાં તેવા જ અતીન્દ્રિય નિરાકુળ સુખની

પ્રાપ્તિ થાય છે, તેથી પ્રભુને 'શંકર' - સુખના કરનારા કહ્યાં છે.

**જગદીશ્વરુ :** એટલે જગતના ઈશ્વર. જે ઐશ્વર્યને પામવા માટે જગતના જીવો તરસે છે તે ઐશ્વર્યની સર્વોચ્ચ અવસ્થાને તેઓ પામ્યા હોવાથી તેઓ જગદીશ્વર છે.

**ચિદાનંદ :** એટલે ચિત્ + આનંદ. ચિત્ એટલે જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય. પ્રભુને ચૈતન્ય સ્વભાવમાંથી પળે પળે અનંત આનંદનો ભોગવટો હોય છે, તેથી તેમને 'ચિદાનંદ' કહ્યાં છે.

**ભગવાન :** ભગ્ એટલે શુદ્ધાત્મા. તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી જે પૂર્ણપણે વ્યાપ્ત તે ભગવાન છે. ભગવાનનો અર્થ મહા ઐશ્વર્યવંત અને મહા વૈરાગ્યવંત પણ થાય છે.

**જિન :** રાગદ્વેષને સંપૂર્ણપણે જીત્યા હોવાથી પ્રભુને 'જિન' કહીએ છીએ.

**અરિહા :** એટલે અરિહંત. પોતાના વીતરાગીપણાથી પ્રભુએ સર્વ ઘાતી કર્મોને હણી લીધા હોવાથી તેમને અરિહંત કહેવાય છે.

**તીર્થંકરુ :** એટલે તીર્થંકર. જે વડે સંસારસાગર તરી શકાય તેને તીર્થ કહેવાય છે. તેવા ધર્મતીર્થની તેમજ ચતુર્વિધ સંઘરૂપ ધર્મતીર્થની સ્થાપના કરી હોવાથી શ્રી સુપાર્શ્વનાથ આદિ પરમાત્માને તીર્થંકર કહ્યાં છે. ભરતક્ષેત્રમાં દરેક અર્ધ-કાળચક્રમાં ૨૪ તીર્થંકર થાય છે, જેઓને તીર્થંકર નામકર્મરૂપ વિશિષ્ટ પુણ્યનો ઉદય હોવાથી તેઓ ધર્મતીર્થ પ્રવર્તાવે છે. બીજા બધા કેવળી ભગવંતો અરિહંત કહેવાય છે. અરિહંત અને તીર્થંકર વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ નથી.

**જ્યોતિ સ્વરૂપ :** જ્યોતિનો અર્થ છે જ્ઞાનજ્યોતિ. અરિહંત ભગવાનમાં કેવળજ્ઞાનરૂપી જ્યોતિ પૂર્ણપણે પ્રગટી છે તેથી તેઓ જ્યોતિ સ્વરૂપ છે.

**અસમાન :** સંપૂર્ણ વીતરાગતા, સર્વજ્ઞતા અને અનંત ચતુષ્ટય યુક્ત પ્રભુના સર્વોચ્ચ પદ સમાન બીજું કોઈ પદ નથી તેથી તેઓ 'અસમાન' એટલે કે અદ્વિતીય છે. આવા અનેક ગુણોથી સુશોભિત શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને વંદન કરીએ છીએ. હવે આગળ પ્રભુના બીજા કેટલાક ગુણોનું આનંદઘનજી દર્શન કરાવે છે :

**અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશરમ; લ.**
**અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ. લ.**
**શ્રી સુપાસ૦ ૪**

**શબ્દાર્થ :** શ્રી સુપાર્શ્વ જિન અલખ-નિરંજન છે, વત્સલ છે, સર્વ જીવો માટે વિશ્રામનું સ્થાન છે, સદાય અભયદાન આપનાર છે અને પૂર્ણપણે આતમરામ છે. (અલખ = લક્ષમાં ન આવી શકે તેવા; નિરંજન = કર્મરૂપી કાલિમાથી રહિત; વચ્છલુ = વત્સલ, હિત કરનાર; જંતુ = જીવ, પ્રાણી; વિશરામ = વિશ્રામ, દાતા = દેનાર, દાની; પૂરણ = પૂર્ણ; આતમરામ = આત્મામાં રમનારા)

**વિશેષાર્થ : અલખ :** એટલે અલક્ષ. જગતના જીવો જે ઈન્દ્રિયો દ્વારા જ જ્ઞાન કરી શકે છે તેમને પ્રભુનું સ્વરૂપ અતીન્દ્રિય હોવાથી લક્ષમાં આવે તેવું નથી. તેથી પ્રભુને 'અલખ' કહ્યાં છે.

**નિરંજન :** કર્મરૂપી કાલિમાનો પ્રભુએ નાશ કર્યો હોવાથી તેઓ નિઃશેષપણે કર્મકલંકથી રહિત થયા છે, તેથી તેઓ 'નિરંજન' છે. શ્રી અમિતગતિ આચાર્યે પણ સામાયિક - પાઠમાં પ્રભુના આ ગુણને બિરદાવતાં કહ્યું છે - "દુષ્કલંકો કર્મના અડકી શકે નહીં આપને", કારણ કે કર્મ ઉપજાવનાર મુખ્ય એવા 'મોહનીય' કર્મનો પ્રભુએ સંપૂર્ણ નાશ

કર્યો છે.

**વચ્છલુ :** એટલે વત્સલતા. અત્યંત નિઃસ્વાર્થભાવે પ્રેમપૂર્વક ભવપાર થવાનો માર્ગ બતાવી પ્રાણીમાત્રનું હિત કરનારા હોવાથી પ્રભુને જગતવત્સલ અથવા હિતવત્સલ કહ્યાં છે. શ્રી અમિતગતિ આચાર્ય સામાયિક પાઠમાં તે માટે ''આ વિશ્વના સૌ પ્રાણી પર શુદ્ધ પ્રેમ નિઃસ્પૃહ રાખતાં'' એમ કહી પ્રભુની સ્તુતિ કરે છે.

**સકલ જંતુ વિશરામ :** જેમ કોઈ રણમાં ભટકતા ક્ષુધા-તૃષાથી પીડિત યાત્રી માટે કોઈ વૃક્ષોથી છવાયેલ તળાવડી વિશ્રામનું સ્થાન બને છે, તેમ સંસારવનમાં ભટકતાં, જન્મ-જરા-મરણ અને આધિ-વ્યાધિ-ઉપાધિના દુઃખોથી પીડિત સર્વ પ્રાણીઓ માટે શાશ્વત સુખ અને શાંતિનો માર્ગ બતાવનાર હોવાથી પ્રભુ પરમ વિશ્રામનું ધામ છે.

**અભયદાન દાતા સદા :** જગતવત્સલ પ્રભુની આસપાસ એવું અનહદ પ્રેમનું વાતાવરણ સર્જાય છે કે તેમના સમોવસરણમાં સર્પ-નોળિયો આદિ જન્મજાત વૈરી પ્રાણીઓ પોતાનું વેર ભૂલી જાય છે અને હરણ જેવા નિર્બળ પશુઓ પણ વાઘ-સિંહ પાસે નિર્ભય થઈને બેસે છે. આવી અભયદાન આપતી દશા તો પ્રભુ જ્યારે મુનિદશામાં હતા ત્યારે જ પ્રગટ થઈ ગઈ હતી. વળી, પ્રભુની દિવ્યધ્વનિમાં પરમ અહિંસા ધર્મની ઘોષણા સર્વદા થતી હોવાથી તે બોધ પામનાર જીવો પણ બીજા જીવોને ક્યારે પણ ભય પમાડતા નથી. 'જીવો અને જીવવા દો' સૂત્રના પ્રભુ આમ સૂત્રધાર હોવાથી તેઓ 'અભયદાન દાતા' છે.

**પૂરણ આતમરામ :** જગતનું કલ્યાણ કરનારા ઉપર કહ્યાં તેવા ગુણો તો પ્રભુના વ્યાવહારિક ગુણો છે, જે તેમના પ્રત્યેની અત્યંત ભક્તિથી ભક્તજનો ગાય છે. પરંતુ યથાર્થ દૃષ્ટિએ જોતાં તો પ્રભુ સંપૂર્ણ વીતરાગી હોવાથી ખરેખર તો તેમને ''કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન'' - આમ પ્રભુ પૂર્ણપણે આત્મસ્વરૂપમાં જ રમણ કરે છે, તેથી પૂરણ આતમરામ છે. પ્રભુને રાગનો અનંતાંશ પણ નથી રહ્યો અને પૂર્ણપણે સ્વરૂપમાં જ રમતા હોવાથી તેમને ઉપદેશ દેવાનો કે પરનું કલ્યાણ કરવાનો ભાવ નથી હોતો, પણ તીર્થંકર નામકર્મનો ઉદય હોવાથી જગતનું કલ્યાણ કરતી 'દિવ્યધ્વનિ' તેમના દિવ્ય શરીરમાંથી સહજપણે નિષ્કામપણે પ્રવહે છે અને જગતનું કલ્યાણ આપોઆપ કરે છે. પ્રભુ તો ત્યારે પણ સંપૂર્ણપણે પોતાના જ્ઞાનસ્વરૂપમાં લીન એવા 'પૂરણ આતમરામ' છે.

પ્રભુના બીજા વિશિષ્ટ ગુણો દર્શાવતાં આનંદઘનજી આગળ કહે છે :

**વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ,લ.**
**નિદ્રા, તંદ્રા દુરંદશા, રહિત અબાધિત યોગ. લ.**
**શ્રી સુપાસ૦ ૫**

**શબ્દાર્થ :** તે પ્રભુ વીતરાગ છે. અભિમાન, સંકલ્પવિકલ્પો, રતિ, અરતિ, ભય, શોક, નિદ્રા, આળસ આદિ દુર્દશાથી રહિત છે અને મન, વચન, કાયાના યોગના બાધકપણાથી પણ પ્રભુ અબાધિત છે. (મદ = અભિમાન; કલ્પના = સંકલ્પવિકલ્પો; રતિ = ઈષ્ટબુદ્ધિ; અરતિ = અનિષ્ટબુદ્ધિ; શોગ = શોક; નિદ્રા = ઊંઘ; તંદ્રા = આળસ, અર્ધનિદ્રા; દુરંદશા = દુર્દશા, ખરાબ પરિણામો; અબાધિત = બાધા રહિત; યોગ = મન, વચન, કાયાના યોગ)

**ભાવાર્થ :** જેમનો રાગ વીતી ચૂક્યો છે તે વીતરાગ. પ્રભુએ મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ

કર્યો હોવાથી તેમને રાગનો અનંતાંશ પણ રહ્યો નથી. તેથી પ્રભુ વીતરાગ છે. આઠ પ્રકારના મદ તો સમ્યગ્દર્શન થતાં જ રહ્યાં નહોતાં. હવે ચારિત્ર મોહનીયનો નાશ થતાં અભિમાનથી સર્વથી રહિત થયા છે. તેમજ રતિ, અરતિ, ભય અને શોક જેવા નોકષાયથી પણ પ્રભુ રહિત છે. નિર્વિકલ્પ સ્વરૂપમાં પૂર્ણપણે સ્થિર હોવાથી કલ્પનાઓ - સંકલ્પવિકલ્પો રહ્યાં નથી. પ્રભુ અઢાર દોષથી રહિત હોવાથી તેમજ સ્વરૂપમાં પૂર્ણપણે જાગૃત હોવાથી આળસ, નિદ્રા આદિ દોષો પણ રહ્યાં નથી.

વળી, પ્રભુને અરિહંત દશામાં મન, વચન, કાયાના યોગ છે ખરા પરંતુ તેમને 'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત' જેવી પરમ સ્વરૂપલીનતા હોવાથી તે યોગ બાધારૂપ બનતા નથી, નવીન કર્મબંધનું કારણ નથી તેથી તેમના યોગ તે અબાધિત યોગ છે. યોગથી આસ્રવ થાય છે, પરંતુ પ્રભુને 'ઈર્યાપથિકી' આસ્રવ હોય છે. સર્વઘાતી કર્મોનો નાશ કર્યો હોવાથી તે આસ્રવથી કર્મબંધ થતો નથી અને સંસારનું કારણ બનતો નથી. તે યોગ માત્ર અઘાતી કર્મોને લીધે છે, જે 'બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો' જેવા હોવાથી પ્રભુનું આયુષ્ય પૂર્ણ થતાં તે યોગનો પણ નિરોધ કરી તેઓ સિદ્ધ પદને પામે છે.

આવા અનેકવિધ ગુણોના ભંડાર એવા સુપાર્શ્વજિનના આવા ગુણોની ઓળખાણ કરી અત્યંત ભક્તિથી તેમના ગુણગાન કરી કોટિ કોટિ વંદન ભાવપૂર્વક કરીએ તો આપણા પણ કોટિ કોટિ કર્મો ખપે છે, કારણ કે ભક્તામર સ્તોત્રના ભાવાનુવાદ (ગાથા-૯)માં કહ્યું છે તેમ :

*"દૂરે રાખો સ્તવન કરવાં આપનાં એકધારાં,*
*પાપો નાસે જગજનતણાં નામ માત્રે તમારાં."*

વિશેષ યથા અવસરે.

**(ક્રમશઃ)**

• • •

## કક્કો કહે છે...

અ - અદેખાઈ ન કરો.
આ - આળસ ન કરો.
ઈ - ઈર્ષા ન કરો.
ઊ - ઊંઘ ઓછી કરો.
ક - ક્રૂર ન બનો.
ખ - ખટપટ ન કરો.
ગ - ગર્વ ન કરો.
ઘ - ઘમંડ ન કરો.
ચ - ચાડી ન કરો.
છ - છેતરપિંડી ન કરો.
જ - જીવહિંસા ન કરો.
ઝ - ઝઘડો ન કરો.
ટ - ટીકા ન કરો.
ઠ - ઠગ ન બનો.
ડ - ડરપોક ન બનો.
ઢ - ઢીલા ન બનો.
ણ - નાસ્તિક ન બનો.
ત - તપશ્ચર્યા કરો.
થ - થોડું બોલો.
દ - દયાળુ બનો.
ધ - ધર્મ કરો.
ન - નિંદા ન કરો.
પ - પાપી ન બનો.
ફ - ફુલાસો નહિ.
બ - બહાદુર બનો
ભ - ભલાઈ કરો
મ - માનવતા રાખો.
ય - યત્ના કરો.
ર - રાગ ન કરો.
લ - લાલચુ ન બનો.
વ - વેર ન રાખો.
શ - શુભ વિચાર કરો.
ષ - ષટ્કાયની રક્ષા કરો.
સ - સાદગી રાખો.
હ - હોશિયાર બનો.
ળ - ફળની આશા રાખ્યા વિના સત્કર્મો કરો.
ક્ષ - ક્ષમા રાખો.
જ્ઞ - જ્ઞાન પ્રાપ્ત કરો.

# અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
(ક્રમાંક - ૭)

**વલભજી હીરજી 'કેવલ'**

**"ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,**
**માન પ્રત્યે તો દીનપણાનું માન જો;**
**માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,**
**લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો."**
**અપૂર્વ૦ ૭.**

આત્મા કાંઈ ક્રોધ, માન, માયા, લોભરૂપ નથી. ક્રોધાદિ ભૂલ તેનો સ્વભાવ નથી. ભૂલરૂપ થવાનું માને ભલે પણ પોતે કાંઈ ભૂલરૂપ થઈ જતો નથી. પૂર્વ કર્મના રજકણો ક્રોધાદિરૂપે ઉદયમાં દેખાય છે, પણ તે આનંદરસથી જુદા લક્ષણવાળા દોષિત કર્મભાવ છે, માટે તેવા ભાવ મારે ન કરવા. હું તો જડવસ્તુના લક્ષણથી ભિન્ન લક્ષવાળો, રાગ, દ્વેષ રહિત, આનંદરૂપ છું. હું તો જાણનાર - જોનાર છું. મને ક્રોધાદિનો અંશ આવે પણ તેની જ્ઞાન - શ્રદ્ધાને અસર ન થાય. અહીં એવા ઉપેક્ષાભાવની ભાવના છે. ક્રોધાદિને થવા ન દઉં એવા અકષાય શુદ્ધ સ્વરૂપમાં સાધક તરીકે સાવધાન રહું એવી ઉત્કૃષ્ટ સાધકદશા ક્યારે આવશે એવી ભાવનાનું રટણ અહીં કર્યું છે.

**'માન પ્રત્યે તો દીનપણાનું માન જો'** લોકોત્તર વિવેક સહિત દીનપણું એ સત્ સ્વરૂપનું બહુમાન છે, નમ્રતા છે. પૂર્ણ સ્વરૂપનો દાસ છું એમાં દીનતા કે રંકપણું નથી, પણ પૂર્ણ કેવળજ્ઞાન સ્વરૂપ આત્માનો વિનય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે ક્રોધને ઉપશમભાવે જીતવો, માનને નમ્રતા વડે ટાળવું. પોતાના પૂર્ણ સ્વરૂપમાં ઠરવા માટે અહીં અતિ નિર્માનતા, મૃદતા જણાવે છે. પોતાને જેની રુચિ છે તેનું બહુમાન કરે છે. એ વિકલ્પ સાથે જ પૂર્ણ અકષાય સ્વરૂપ છું એ લક્ષે ગુણની વૃદ્ધિનો પુરુષાર્થ છે. એવો આ લોકોત્તર વિનય છે. નિર્દોષ સ્વભાવમાં જાગૃતિવાળી ભાવના ભાવે છે કે એક અંશ પણ ગર્વ ન આવે. એવી નિર્માનતા - વીતરાગદશા ક્યારે આવશે ? અકષાયને લક્ષે કષાયાદિ રાગદ્વેષની અસ્થિરતાનો સર્વથા ક્ષય કરું તે અપૂર્વ અવસર છે.

**'માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની'** કપટભાવની તુચ્છવૃત્તિ સામે અખંડ જ્ઞાયક સાક્ષીભાવની જાગૃતિરૂપ સરળતા એટલે વિભાવ સામે વિરુદ્ધતારૂપ નિર્દોષ વિચક્ષણતા કેળવું તે ગુણ વડે દોષ ટળે. દોષ કરવા જેવો માન્યો તેને દોષ રાખવાની બુદ્ધિ થઈ, તો તેનાથી ગુણ કેમ પ્રગટે ? માટે આત્માનું હિત કરવું હોય તો મારો સ્વભાવ સમતા - ક્ષમારૂપ છે તેવો નિર્ણય કરવો. જ્ઞાન સ્વભાવની જાગૃતિ છુપાવીને બીજા પ્રત્યે કપટભાવ કરતો હતો તે પર વલણ પલટીને અખંડ જ્ઞાનસ્વભાવની જાગૃતિ એવી રાખું કે, કોઈ પ્રકારના કપટનો અંશ આવે તો તેનાથી જુદો રહી, નિર્દોષ સાક્ષીભાવની જ્ઞાનદૃષ્ટિ વડે જાણી લઉં. સ્વભાવની જાગૃતિમાં અંશમાત્ર કપટ આવવા ન દઉં. માયા-કુટિલભાવને પવિત્ર સરળ સ્વભાવી દૃષ્ટિ વડે ટાળીને જીતી લઉં.

**'લોભ પ્રત્યે નહિ લોભ સમાન જો'** જેમ લોભમાં લોભ કરવા જેવો છે એમ મમત્વભાવ હતો, તે લોભ પ્રત્યે અંશમાત્ર લોભ નહિ પણ નિર્લોભતા રૂપ અકષાયથી સંતોષ ભાવે આત્મામાં સ્થિર રહું. અજ્ઞાનભાવે અનંતી તૃષ્ણાવડે જેમ લોભ કરવામાં બેહદતા હતી તેમ જ્ઞાનસ્વભાવમાં સવળો થતા, સંતોષ સ્વરૂપ પૂર્ણ શુદ્ધતાના ભાન વડે અનંતજ્ઞાન, અનંત સંતોષ રાખી શકું છું. અનંતા સંસારની વાસના છેદીને હું નિત્ય સ્વભાવનો સંતોષ પામું એવી ભાવના છે.

**(ક્રમશઃ)**

# ત્યાગ અને દાન - રંકને રાય બનવાની પાત્રતા પ્રગટાવે

**ગુણવંત બરવાળિયા**

વીતરાગવાટિકામાં સંત પધાર્યા છે. શહેરથી થોડે દૂર નગરશ્રેષ્ઠીના આ ઉપવનનું નામ તો વસંત ઉદ્યાન, પરંતુ સંત પધારતા શેઠે આ રમણીય સ્થળનું નામ વીતરાગવાટિકા રાખી દીધું.

જનપથ પર સંતની ચર્ચા ચાલી રહી છે. દરેકના મુખ પર સંતનું નામ છે. 'ભાઈ તમે દર્શન કર્યાં ? જરૂર જઈ આવજો, દર્શનથી મનોકામના પૂરી થાય છે. જાણે કોઈ દૈવી લબ્ધિધારી સંત છે !'

મંત્રીને કાને વાત જતાં, વાત મંત્રીની જીભ પર સવાર થઈ રાજાના કાને પહોંચી. રાજા અને મંત્રી બન્ને નિઃસંતાન હતા. મંત્રી કહે, "આ સંત કોઈ ચમત્કારી પુરુષ લાગે છે. ચાલો આપણે પણ સંતનાં દર્શન કરીએ તો સંતાનપ્રાપ્તિની મનોકામના પૂર્ણ થશે."

રાજા અને મંત્રી વીતરાગવાટિકામાં પહોંચે છે. ધર્મચર્ચા ચાલી રહી છે. હજારો ભાવિકો દિવ્યવાણીનું પાન કરી રહ્યાં છે. મુનિના મુખારવિંદ પર પ્રશમભાવો છલકાઈ રહ્યા છે. એ મુખમાંથી કોમળ વ્યંજનો ભરેલાં શબ્દફૂલો સરી રહ્યાં છે -

"પ્રભુના વચનોમાં શ્રદ્ધા રાખજો. કદી ક્યાંય ચમત્કારો નથી થતાં. કાળ, નિયતિ, નિમિત્ત, અને પુરુષાર્થના સંયોગ વિના કશું થતું નથી. આ દાર્શનિક કર્મવિજ્ઞાનનો નિયમ છે. કર્મનું ગણિત ચોક્કસ છે. વિશુદ્ધભાવ અને પ્રચંડ પુરુષાર્થ જ સફળતાની ચાવી છે. આ સ્થિતિ કાયમ નથી રહેવાની. દુઃખો તો આવે ને જાય અને સ્થિતિ બદલાયા કરે." સંતના શબ્દો સંસારની બળબળતી બપોરને ચંદન જેવી શીતળતા આપે છે. મુનિના એક-એક શબ્દફૂલો ભાવિકો હૈયાની છાબડીમાં ઝીલી રહ્યાં છે.

માંગલિક વચનો બાદ ધર્મસભા પૂરી થઈ. નગરશ્રેષ્ઠી રાજા અને મંત્રીને ગુરુચરણ સમીપ લઈ આવ્યા.

રાજા અને મંત્રીએ સંતને પ્રણામ કર્યા અને કહ્યું, "ગુરુદેવ ! આપની કૃપાથી અમે ખૂબ સુખી છીએ. અમારી પાસે સુખ-સગવડ-સમૃદ્ધિનો કોઈ પાર નથી, પરંતુ એક વાતનું દુઃખ છે. અમારે સંતાન નથી. પુત્રના અભાવથી અમારા જીવનમાં અંધારું છે. આપની દયા અને કૃપાથી અમે જો અમારા પુત્રનું મુખ જોઈ શકીએ તો અમારું જીવન આનંદમય બની જાય."

સંતે કહ્યું, "પુત્ર જોઈએ છે, તો પહેલાં પિતાનું હૃદય તો મેળવી લ્યો. પિતૃહૃદય મળ્યા વિના પુત્રપ્રાપ્તિ થયેથી પણ શું લાભ ? પુત્ર પણ સુખી નહીં થાય અને તમે પણ સુખી થશો નહીં, માટે હે રાજન્ ! પુત્ર મેળવવાની ચિંતા છોડો, પિતૃહૃદય મેળવવા પુરુષાર્થ કરો."

રાજા કહે, " મહારાજ ! પુત્રપ્રાપ્તિ વિના પિતૃહૃદય કઈ રીતે મળી શકે ? આપની કૃપાથી પુત્રપ્રાપ્તિ થશે તો હું પિતૃહૃદય જરૂર મેળવી શકીશ."

સંતે શાંત અને મધુર સ્વરમાં પૂછયું, "રાજન્ ! આ સમગ્ર પ્રજા શું તારી સંતાન નથી ? જ્યારથી તું સિંહાસન પર બેઠો છે ત્યારથી આ પ્રજા તને મા-બાપરૂપે માને છે અને આ પ્રજાનાં મા-બાપ કહેવડાવવાનો તને આનંદ અને ગૌરવ છે. છતાંય આ સમગ્ર પ્રજા પ્રતિ તારા અંતઃકરણમાં

સંતાનનો ભાવ ન થાય તો તું સંતતિ પામીને શું કરીશ ? સંતાન મળશે તો પણ તું પિતૃહૃદય કઈ રીતે પામીશ ? રાજન ! તારે તો સમગ્ર રાજ્યના મા-બાપ બનવાનું છે. માટે જીવમાત્ર પ્રત્યે વાત્સલ્યભાવ પ્રગટ કરવાનો છે. પછી હું તમને બન્નેને એવા પુત્ર આપીશ કે જે તમારું નામ રોશન કરશે.'' રાજા અને મંત્રીનાં અંતરદ્વાર ખૂલી ગયાં. સંતને વંદન કરી સ્વસ્થાન ગ્રહણ કર્યું.

સંતે કહ્યું, ''હે રાજન્, આખા નગરમાં જાહેર કરો કે આવતીકાલે ગરીબોને દાન આપી તેની ઇચ્છાને તૃપ્ત કરવામાં આવશે.'' સંતની આજ્ઞા પ્રમાણે જાહેર કરવામાં આવ્યું.

બીજે દિવસે હજારો ભિખારીઓ દાન લેવા માટે હાજર થયા. રાજા અને મંત્રી ઉચિત વસ્ત્ર પરિધાન કરી દાન દેવા ઉપસ્થિત થયા. સંતે કહ્યું, ''તમારો રાજાશાહી પોષાક ઉતારો અને સામાન્ય માણસની જેમ અહીં ઊભા રહો. સામાન્ય વ્યક્તિ બનશો તો જ સામાન્ય વ્યક્તિની નજીક પહોંચી તેને સમજી શકશો.''

દાન દેવાનું શરૂ થયું. વાસી રોટલીઓ દાનમાં અપાવા લાગી ત્યારે ભિક્ષુકો દુઃખી થઈ ગયા. આટલી મોટી જાહેરાત પછી આવી વાસી રોટલીના ટુકડા ? પણ શું કરે ? રાજાની સામે બોલવાનું કોનું ગજું ? પોતાના ભાગ્યને ભાંડતા ભિખારીઓ ચાલવા માંડ્યા.

ભિખારીઓને બહાર નીકળવાના રસ્તે સંત ઊભા રહ્યા અને પ્રત્યેક ભિખારીને કહેતાં, ''મને આ રોટલી આપો તો હું તમને રાજા બનાવી દઈશ.'' કેટલાક ભિખારીઓ કહે, ''મહાત્મા મશ્કરી શું કામ કરો છો.'' અને આગળ ચાલ્યા જતા. તો કોઈ વળી કહે છે કે રાજની લાલચ આપીને આ બાવો રોટલી પણ પડાવી લેવા માગે છે. રોટલી છાતીએ લગાવી ભિખારી નીકળતા જાય છે. કોઈ રોટલી આપવા તૈયાર નથી. સંત કહે, ''મને જે આમાંથી અડધી રોટલી આપશે તેને હું મંત્રી બનાવી દઈશ.'' ભિખારીને મંત્રીપદ કરતાં વાસી રોટલીનો ટુકડો વધુ વહાલો છે.

મોટા ભાગના ભિખારી નીકળી ગયા. એટલામાં એક યુવાન ભિખારી પસાર થઈ રહ્યો હતો. તેના મુખ પર કંઈક અલગ તેજ હતું. સંતે પૂછ્યું, ''તને શું મળ્યું ?'' યુવાન કહે ''વાસી રોટલીનો ટુકડો કે જે અમારા ભાગ્યમાં હતો. ભિખારીના ભાગ્યમાં રોટલી જ હોય, હીરા-ઝવેરાત થોડાં મળે. જે મળ્યું છે તે બરાબર જ છે.''

સંતે વિચાર્યું કે આ યુવાનની વાણીમાં પરિસ્થિતિને અનુકૂળ થવાનો સંકેત છે.

સંત કહે, ''આ રોટલી મને આપી દે, હું તને રાજા બનાવી દઈશ.'' યુવાન સંતને નીરખીને કહે છે, ''રાજા બનાવો કે ન બનાવો, પરંતુ આ રોટલી લઈ લો. જોકે હું ઘણી મોટી આશા બાંધીને આવ્યો હતો. ખેર, મને આ રોટલીમાં પણ સંતોષ હતો, પરંતુ આપને એની જરૂર હોય તો લઈ લો, મારી ચિંતા ના કરશો.'' ને રોટલી સંતને આપી દીધી. સંતે તેને થોડી વાર ઊભા રહેવા કહ્યું.

પછી ઘણા માણસો પસાર થયા, પરંતુ કોઈ રોટલીનો એક ટુકડો આપવા પણ તૈયાર ન હતા.

પછી છેલ્લે એક યુવાન પસાર થતો હતો. સંતે એને કહ્યું, ''મને આમાંથી અડધી રોટલીનો ટુકડો આપીશ તો હું તને મંત્રી બનાવી દઈશ.'' યુવાને વિચાર્યું કે અડધો ટુકડો દેવામાં વાંધો નથી, કેમ કે અડધો તો મારી પાસે બચશે જ. તેમણે રોટલીનો અડધો ટુકડો સંતને આપ્યો. સંતે તેને પહેલા યુવાન પાસે ઊભો રાખ્યો. બધા ભિખારી ચાલ્યા ગયા પછી રાજા અને મંત્રી બન્નેને કહ્યું, ''તમારા બંને માટે યોગ્ય પુત્ર મળી ગયા છે.''

રાજામાં વિરાટ ભાવના હોવી જરૂરી છે. સર્વસ્વ ત્યાગ કરવાની, પ્રિયમાં પ્રિય વસ્તુ પણ ન્યોછાવર કરી દેવાની હિંમત હોવી જોઈએ. પહેલા યુવાને એ હિંમત બતાવી, જેથી તેનામાં ભવિષ્યનો રાજા બનવાની યોગ્યતા છે અને બીજા યુવાનમાં તેનાથી અડધી યોગ્યતા એટલે કે મંત્રી બનવાની યોગ્યતા છે.

આનંદના સર્જક પૂજ્ય અમરમુનિની આ ઉપનય કથાનો સંકેત એ છે કે સંસારની વાસનાઓ એઠાં-જૂઠાં વાસી ટુકડાઓ જેવી છે. એને છાતીસરસી લગાવીને આપણે ચાલી રહ્યા છીએ. જો તેને ત્યાગીએ, અનાસક્ત બનીએ તો સાધુતા પ્રાપ્ત થઈ જાય. આધ્યાત્મિક કે વ્યાવહારિક બન્ને ક્ષેત્રોમાં પૂર્ણ ત્યાગ રંકને રાય બનાવી દે છે. અધ્યાત્મ ક્ષેત્રે ત્યાગ આપણામાં પાત્રતા પ્રગટાવી દે છે, જે આત્મોત્થાન કરાવવામાં સહાયક બને છે અને વ્યાવહારિક ક્ષેત્રે દાન-ત્યાગ એક ભિક્ષુક-રંકને રાય-રાજા બનવાની ક્ષમતા પ્રગટાવી દે છે.

કદાચ આપણા જીવનમાં વાસનાઓ પૂર્ણ રીતે ત્યાગવાની ક્ષમતા ન હોય તો સાધુની પદવી ન મળે, પણ શ્રાવકની પદવી તો જરૂર મળે.

પૂર્ણ ત્યાગ સાધુની ભૂમિકા છે, પરંતુ ઇચ્છાઓને સીમિત કરવી, આવશ્યકતા ઉપરાંત વધારાનો ત્યાગ કરવો તે શ્રાવકની ભૂમિકા છે.

## સાધનાપ્રક્રિયાનું સ્વરૂપ

કોઈપણ સાધક માટે સાધના કરવી અનિવાર્ય હોય છે પણ તેના માટે જો નીચે મુજબનો ક્રમ અનુસરવામાં આવે તો સાધકને અવશ્ય ફાયદો થાય છે. સાધક સાધનામાં સિદ્ધિ મેળવી શકે છે.

સાધકે સર્વ પ્રથમ ધ્યેય નક્કી કરવું જોઈએ. સાધકનું અંતિમ અને એકમાત્ર ધ્યેય હોય છે મુક્તિ મેળવવાનું અર્થાત્ સર્વકર્મથી રહિત થઈ શુદ્ધ સ્વરૂપની સ્થિતિ પામવાનું.


સર્વ કર્મ ત્યારે જ ક્ષય પામે જ્યારે સાધક પાસે આત્મજ્ઞાન હોય અર્થાત્ માત્ર બૌદ્ધિક જાણપણું નહીં પણ આત્માનું સંવેદનરૂપ જ્ઞાન પ્રાપ્ત કરવું રહ્યું.

આ આત્મજ્ઞાન ત્યારે જ થઈ શકે જ્યારે આત્મા શરીરથી તદ્દન જુદો જ છે તેવો સાક્ષાત્કાર થાય અને આ માટે ધ્યાનની સાધના જરૂરી છે. ધ્યાનની સિદ્ધિ ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થાય. ચિત્તની સ્થિરતા માટે ચિત્તની નિર્મળતા અને શરીરશુદ્ધિ આવશ્યક છે. ચિત્તની નિર્મળતા ત્યારે જ પ્રાપ્ત થઈ શકે જો સાધક તેનું મન સ્વાધ્યાયમાં, શાસ્ત્રાભ્યાસમાં અને તત્ત્વચિંતનમાં પરોવી શકે અને અંતર્મુખ રહી શકે. સાધક જ્યારે અંતર્મુખ થાય છે ત્યારે બાહ્ય વિકલ્પો આપોઆપ ટળી જાય છે. આની સાથે મૈત્રી આદિ ચાર ભાવનાઓ અને અનિત્ય આદિ બાર ભાવનાઓથી ચિત્તને હંમેશાં વાસિત કરતા રહેવું જોઈએ અને આ ત્યારે જ થઈ શકે જ્યારે જીવનવ્યવહાર ન્યાયનીતિ, વ્રતનિયમ, ત્યાગવૈરાગ્ય અને સંયમથી નિયંત્રિત હોય.


શરીર અને આત્માની શુદ્ધિ માટે ૧૨ પ્રકારના તપની સાધના કરવી જોઈએ.

આત્મા અને કર્મને જુદાં પાડવા માટે વ્રત, નિયમ, સંયમ, સ્વાધ્યાયરૂપ તેજાબ અને ધ્યાનરૂપ અગ્નિ જરૂરી છે.

**સંકલન-પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા**



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## એણે મને આમ કીધું કેમ ?

એક સતવારા કુટુંબમાં થોડા વર્ષો પૂર્વે બનેલો આ કરુણ પ્રસંગ છે.

કુટુંબમાં મા-બાપ અને બે દીકરા હતા. બંને દીકરા પરણેલા હતા. મોટાને બે દીકરા અને એક દીકરી હતી.ત્રણે નાના હતા. સાત વર્ષ, ત્રણ વર્ષ અને બે વર્ષના. નાનાને એક સવા મહિનાની દીકરી હતી.

આખું ઘર સવારથી ખેતરે જાય. સાંજે ઘરે આવે. મોટા દીકરાની વહુ ઘરે રહી દીકરાઓને સાચવે. બપોરે ભાત આપવા ખેતરે જાય. રોજનો આ ક્રમ.

એક દિવસની વાત છે. સાંજનો સમય હતો. ખેતરેથી બધા ઘરે આવી ગયા હતા. જમી પરવારીને બધા ઘરના ચોકમાં બેઠા હતા. અચાનક અંદરથી નાના છોકરાઓનો રડવાનો અવાજ આવ્યો.

સાસુ ઊભી થઈને અંદર આવી. જોયું તો મોટી વહુ તોફાનમસ્તી કરતા પોતાના દીકરાઓને મારી રહી હતી. સાસુથી આ સહન ન થયું. એણે વહુને કહ્યું : "વહુ બેટા ! આમ નાના છોકરાઓને બહુ મારો નહિ." વહુને ખોટું લાગી ગયું.

એ વખતે તો એણે મારવાનું બંધ કરી દીધું, પણ આખી રાત વહુને ઊંઘ ન આવી. એના મનમાં એક જ વિચાર ચાલતો રહ્યો, મારી સાસુએ મને આમ કીધું કેમ ?

તમામ સંઘર્ષનો આ મૂળ મંત્ર છે. એણે મને આમ કીધું કેમ ? બાપ-દીકરા, મા-દીકરી, બે ભાઈ, દેરાણી-જેઠાણી કે પતિ-પત્ની વચ્ચે જ્યારે પણ ઘર્ષણ થાય તો સમજી રાખવું કે આ મંત્ર જ એમાં કામ કરી ગયો છે.

ક્રોધનું કારણ છે અહંકાર. ક્રોધ પછી ઉત્પન્ન થાય છે, પહેલા તો અહંકાર ઘાયલ થતો હોય છે.

વહુનો અહંકાર ઘાયલ થયો - 'હું મારા દીકરાની મા છું, હું ધારું તે કરી શકું. એમાં મારી સાસુએ વચ્ચે આવવાની જરાય જરૂર નથી. આજે મને આટલી તતડાવી તો કાલે ઉઠીને શું કરશે ?' વિચારમાંને વિચારમાં આખી રાત પસાર થઈ ગઈ.

બીજા દિવસની સવાર પડી. ઘરના બધા સભ્યો ખેતરે ગયા. ઘરમાં હતા માત્ર નાના બાળકો અને મોટી વહુ. મોટી વહુના હૃદયમાં સળગતો ગઈકાલનો આવેશ હજી શાંત થયો નહોતો. સાસુના વચનથી સળગી ગયેલી વહુ પોતાનો રોષ સાસુ ઉપર ઉતારી શકે તેમ ન હતી, એણે પોતાના બાળકો પર રોષ ઉતાર્યો. એ મનમાં ને મનમાં બબડી, 'નાલાયકો ! તમારા લીધે જ મારે બધું સાંભળવું પડે છે. હવે તો તમને જ ઠેકાણે પાડી દઉં !' પાણીનો સ્વભાવ છે - ઢાળ મળે કે ઉતરી જવું. ક્રોધનો પણ એવો જ સ્વભાવ છે. સબળા કરતા નબળા પર એ તરત તૂટી પડે છે.

એ ઊભી થઈ. પોતાના ત્રણે બાળકોને સ્ટોરરૂમમાં લઈ ગઈ. સ્ટોરરૂમમાં લગભગ ૧૫૦૦૦ છાણા પડેલા. બહાર આવીને એણે દેરાણીની સવા મહિનાની નિર્દોષ બાળકીને ય ઘોડિયામાંથી ઉઠાવી. એને પણ સ્ટોરરૂમમાં મૂકી આવી. કેરોસીનનો ડબ્બો લઈ તમામ છાણા ઉપર એણે ઊંધો વાળ્યો. સ્ટોરરૂમ અંદરથી બંધ કરી દીધો. માસુમ બાળકો પોતાની મા સામે મૂક બનીને ટગર

ટગર જોઈ રહ્યા હતા. તેઓને સમજાતું ન હતું કે આજે અમારી મા શું કરવા ધારે છે ?

ધીમે રહીને માએ દીવાસળી સળગાવી અને છાણના ઢગલા પર ફેંકી. એક તો કેરાસીનવાળા છાણાં, એમાં લાગી પાછી દીવાસળી. પછી ભડકો થતા વાર કેટલી ? ભડભડ આગ વધવા લાગી. બાળકોની ચીસાચીસ ચાલુ થઈ. પાંચે પાંચ જણા ત્યાં જ ભડથું થઈ ગયા.

## હાય પૈસો !

એક કુટુંબમાં કુલ આઠ સભ્યો હતા. પતિ, પત્ની, બે દીકરા અને ચાર દીકરી. મધ્યમવર્ગનું આ કુટુંબ હતું. જેમ તેમ કરીને પોતાનું ગાડું ગબડાવે જતા હતા.

સહુથી મોટી દીકરી ઉંમરલાયક થઈ. એને ઠેકાણે પાડવા મા-બાપ સતત ચિંતામાં રહેતા. આખરે એક મધ્યમવર્ગના કુટુંબના છોકરા સાથે એના લગ્ન નક્કી થયા. લગ્નમાં ૮૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થાય તેમ હતો. આટલા રૂપિયા લાવવા ક્યાંથી?

માએ ઘરેણાં વગેરે વેચીને કુલ ૮૦,૦૦૦ રૂપિયા ભેગા કર્યા. બંને દીકરાઓ પણ મોટા તો થઈ ગયા હતા. એમને થયું કે એક લગ્નમાં આટલા બધા રૂપિયા ખર્ચી નાખવાના ? આવતી કાલે અમારા પણ લગ્ન થશે. અમારી નાની બેનો પણ મોટી થશે. મા-બાપ તો આજે છે ને કાલે નથી. આ બધાયની જવાબદારી આખરે તો અમારા માથે જ આવશે ને !

બંને ભાઈઓએ અંદર અંદર મસલત કરી માને કહ્યું, ‘‘મા ! હજી તો બેનની શાદીને વાર છે. તો અત્યારે પૈસા અમને આપી દે. શાદીનો પ્રસંગ નજીક આવશે એટલે તને આપી દઈશું.’’

માએ ભોળાભાવથી પૈસા આપી દીધા. રાતે બંને ભાઈ ભેગા થયા. એક બાજુ પૈસાની તાણ અને બીજી બાજુ લગ્નમાં ૮૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ, આ વિચારે બંને અકળાઈ ગયેલા.

બંને જણા ઊભા થયા. મોટીબેન જ્યાં સૂતી હતી ત્યાં ગયા. ‘મોટી બેન છે એટલે જ આ બધી તકલીફ છે. બેન ન હોય તો આમાંની કોઈ તકલીફ ન હોત’ આ ગણતરીથી સૂતેલી બેનના ગળા પર બેય ભાઈઓએ છરી ફેરવી દીધી. બેનના રામ રમી ગયા.

સંબંધ કરતા પણ સંપત્તિ જ્યારે વધુ વહાલી લાગે છે ત્યારે માણસ આ હદે પહોંચી શકે છે.


## કરુણા

તિબેટમાં એક બૌદ્ધભિક્ષુને બુદ્ધના ગ્રંથોનું પ્રકાશન કરવું હતું. એ માટે એમણે દશહજાર રૂપિયા ભેગા કર્યા. પ્રકાશનની તૈયારી કરે ત્યાં તો દુષ્કાળ પડ્યો. દુષ્કાળ રાહતફંડમાં એમણે તમામ રૂપિયા વાપરી નાખ્યા.

ફરી એમણે પૈસા ભેગા કર્યા. પ્રકાશનનો પ્રારંભ કર્યો ત્યાં અતિવૃષ્ટિ થઈ. તેનું નિવારણ કરવા એમણે બધા રૂપિયા વાપરી નાખ્યા.

ત્રીજી વખત એમણે રૂપિયા ભેગા કર્યા. પુસ્તક પ્રકાશનનું કાર્ય ચાલુ થયું અને પૂર્ણ પણ થયું. વિમોચનનો દિવસ નજીક આવ્યો. વિમોચનની જાહેરાતમાં તેમજ પુસ્તકની અંદર એમણે લખ્યું કે આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ છે.

આ જાહેરાત વાંચી લોકો વિચારમાં પડી ગયા. વિમોચન પ્રસંગે બૌદ્ધભિક્ષુએ ખુલાસો કરતા જણાવ્યું કે આ ગ્રંથની આ ત્રીજી આવૃત્તિ છે. એ સાંભળીને તમારે વિમાસણમાં પડવાની જરૂર નથી. આની બે આવૃત્તિ અદશ્ય છે. જેના હૃદયમાં કરુણાના ઝરણાં વહેતા હશે તે આગલા બે પ્રકાશનોને જોઈ શકશે. સહુએ તાળીઓના ગડગડાટ સાથે આગલા બે પ્રકાશનોને વધાવી લીધા.



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

Inspired by PUJYA ATMANANDJI



## I AM SORRY

This is a story between pencil and an Eraser:

Pencil: I'm sorry...

Eraser: For what? You didn't do anything wrong.

Pencil: I'm sorry because you get hurt because of me. Whenever I made a mistake, you're always there to erase it. But as you make my mistakes vanish, you lose a part of yourself. You get smaller and smaller each time.

Eraser: That's true. But I don't really mind. You see, I was made to do this. I was made to help you whenever you do something wrong. Even though one day, I know I'll be gone and you'll replace me with a new one, I'm actually happy with my job. So please, stop worrying. I hate seeing you sad.

I found this conversation between the pencil and the eraser very inspirational. Parents are like the eraser whereas their children are the pencil. They're always there for their children, cleaning up their mistakes. Sometimes along the way they get hurt, and become smaller (older, and eventually pass on). Though their children will eventually find someone new (spouse), but parents are still happy with what they do for their children, and will always hate seeing their precious ones worrying, or sad.

So let us all care and respect our parents for everything they have done for us during their lifetime.

## ALWAYS SEE GOOD IN OTHERS

One day, Math's teacher asked her students to list the names of the other students in the room on two sheets of paper, leaving a space between each name.

Then she told them to think of the nicest thing they could say about each of their classmates and write it down. It took the class some time to finish their assignment, and as the students left the room, each one handed in the papers. That Saturday, the teacher wrote down the name of each student on a separate sheet of paper, and listed what everyone else had said about that individual.

On Monday she gave each student his or her list. Before long, the entire class was smiling. 'Really?' she heard whispered. 'I never knew that I meant

anything to anyone!' and, 'I didn't know others liked me so much,' were most of the comments. No one ever mentioned those papers in class again. The teacher never knew if they discussed them after class or with their parents, but it didn't matter. The exercise had accomplished its purpose. The students were happy with themselves and one another. That group of students moved on.

Several years later, one of the students was killed in 'Kargil' war and his teacher attended the funeral of that special student. She had never attended Funeral of a serviceman before. He looked so handsome, so mature. The place was packed with his friends. One by one those who loved him took a last walk. The teacher was the last one to bless.

As she stood there, one of the soldiers who acted as pallbearer came up to her. 'Were you Sanjay's math teacher?' he asked. She nodded: 'Yes.'

Then he said: 'Sanjay talked about you a lot.' After the funeral, most of Sanjay's former classmates were there. Sanjay's mother and father were there, obviously waiting to speak with his teacher. 'We want to show you something,' his father said, taking a wallet out of his pocket 'They found this on Sanjay when he was killed. We thought you might recognize it.' Opening the billfold, he carefully removed two worn pieces of notebook paper that had obviously been taped, folded and refolded many times. The teacher knew without looking that the papers were the ones on which she had listed all the good things each of Sanjay's classmates had said about him.

'Thank you so much for doing that,' Sanjay's mother said. 'As you can see, Sanjay treasured it.' All of Sanjay's former classmates started to gather around. Arjun smiled rather sheepishly and said, 'I still have my list. It's in the top drawer of my desk at home.' Prithwiraj's wife said, ' Prithwiraj asked me to put his in our wedding album.'

'I have mine too,' Rashmi said. 'It's in my diary.' Then Deepali, another classmate, reached into her pocketbook, took out her wallet and showed her worn and frazzled list to the group. 'I carry this with me at all times,' Deepali said and without batting an eyelash, she continued: 'I think we all saved our lists.' That's when the teacher finally sat down and cried. She cried for Sanjay and for all his friends who would never see him again.

The density of people in society is so thick that we forget that life will end one day. And we don't know when that one day will be. So please, tell the people you love and care for, that they are special and important. Tell them, before it is too late. Remember, you reap what you sow, what you put into the lives of others comes back into your own.

# સમાજ-સંસ્થા દર્શન

## લેખિત કસોટીનો નૂતન પ્રયોગ

ફેબ્રુઆરીમાં લેવાયેલ લેખિત પરીક્ષાના નૂતન પ્રયોગ બાદ પૂજ્યશ્રીની આજ્ઞાથી હવે પછીની પરીક્ષા ૨૭ માર્ચ, રવિવારના લેવાશે. જેનો વિષય છે 'સાધક-સાથી' પુસ્તકમાંથી પ્રકરણ નં. ૧-ક્ષમા, ૧૩ - વિનય, ૧૫ - સંતોષ, ૨૨ - સત્યનિષ્ઠા, ૨૩ - સરળતા. (દસ લક્ષણ ધર્મના આ પહેલા પાંચ લક્ષણ છે.)

સદ્વાંચન, અભ્યાસ, મનન, પ્રમાદ-જય આદિથી પોતાની સાધનાની વૃદ્ધિ એ જ માત્ર પ્રયોજન હોવાથી કસોટીપત્રનું પ્રારૂપ આ રીતે રહેશે :

(૧) આ દિવસે જેઓ કોબા ન હોય તેઓ પોતાના ઘરે બેસીને પરીક્ષા આપી શકશે. (૨) તે દિવસે પોતાના અનુકૂળ સમયે પેપર લખી શકશે પણ આપેલ સમયમાં પૂરું કરવાનું રહેશે. (૩) જરૂર લાગે તો પુસ્તકની મદદ લઈ શકાશે. (૪) જવાબ-પત્ર પછી મોકલવામાં આવશે, તે પ્રમાણે પોતે પોતાના માર્ક્સ્ આપવાના રહેશે. તે માટે કોઈ મિત્રની મદદ લઈ શકાશે. (૫) પોતાના માર્ક્સ્ નીચે જણાવેલ સંપર્ક-સૂત્રને જણાવવા જરૂરી છે. (૬) કોઈના માર્ક્સ્ કોઈ પણ જગ્યાએ જાહેર કરવામાં નહીં આવે. (૭) પ્રશ્નપત્ર objective (ટૂંકા જવાબો)ના રૂપમાં હશે. પ્રશ્નપત્ર અને જવાબપત્ર મેળવવા ઈચ્છતા મુમુક્ષુઓએ અહીં જણાવેલ ઈ-મેઈલ પર તુરંત સંપર્ક કરવો : ashok@chemokraft.com

## એપ્રિલ માસમાં સંસ્થા સંચાલિત છાશકેન્દ્ર શરૂ થશે.

જરૂરતમંદોને સહાયરૂપ થવાની ભાવનાથી દર વર્ષની જેમ આ વર્ષે પણ એપ્રિલ માસથી સંસ્થા સંચાલિત છાશકેન્દ્ર શરૂ થશે. સંસ્થાની આસપાસના ગામોમાં જરૂરતમંદો માટે છાશ વિતરણ કરવામાં આવશે. આ છાશકેન્દ્ર માટે **આદ. મુમુક્ષુવર્ય ડો. મહેન્દ્રભાઈ નાણાવટી (યુ.એસ.એ.)** નો મુખ્ય આર્થિક સહયોગ સાંપડ્યો છે, જેનો સંસ્થા ધન્યવાદ સહ સાભાર સ્વીકાર કરે છે. છાશકેન્દ્ર માટે આર્થિક સહયોગ આપવા ઈચ્છતા દાનવીરોને સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે. વધુ ને વધુ જરૂરતમંદો (ગરીબો) માટે છાશ વિતરણ થાય તેવી સંસ્થાની ભાવના છે.

## આપણી સંસ્થામાં ત્રિદિવસીય નિઃશુલ્ક આધ્યાત્મિક શિબિર સાનંદ-સંપન્ન

પૂજ્યશ્રી આત્માનંદજીના આત્મસાક્ષાત્કારદિન નિમિત્તે સંસ્થામાં તા. ૧૨-૨-૨૦૧૧ થી તા. ૧૪-૨-૨૦૧૧ દરમ્યાન નિઃશુલ્ક ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ, બેંગ્લોર, સાબરકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, યુ.કે., યુ.એસ.એ. વગેરે સ્થળેથી સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ શિબિરનો લાભ લીધો હતો. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગળ પ્રારંભ થયો. શિબિરનું સુંદર સંચાલન સંસ્થા સાથે સક્રિય રીતે સંકળાયેલ મુમુક્ષુ આદ.શ્રી શરદભાઈ ડેલીવાલાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય :**

**બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ શાહે** વચનામૃત પત્રાંક - ૫૬૯ ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સિદ્ધાંતબોધને યથાર્થ રીતે આત્મજ્ઞાની કહી શકે. આ કાળમાં અસત્સંગથી બચવું એ સત્સંગ સમાન છે ! દુનિયામાં ક્યાંય ન ગમે તો આત્મામાં ગમે. ન્યાયનીતિ સંપન્ન દ્રવ્ય એ માર્ગાનુસારીનો પ્રથમ ગુણ છે. જે પ્રસંગમાં રહેવાથી આત્મવિસ્મરણ થાય તે અસત્ પ્રસંગ. જ્ઞાનીના ખીલે વળગ્યા તે બચ્યા, બાકીના રાગ-દ્વેષની ચક્કીમાં પીસાઈ જાય છે. આરંભ-પરિગ્રહ એ ઉપશમ અને વૈરાગ્યના કાળ છે. પરિગ્રહના પથરાઓ ભરી જીવ નિજાનંદનો નાશ કરે છે. આરંભ-પરિગ્રહને કારણે જીવ સાધનાથી દૂર થતો જાય છે. માનવભવ મોહનો ક્ષય કરી મોક્ષની પ્રાપ્તિ કરવા માટે મળ્યો છે. વિષય - કષાયના ભાવો ધ્યાનમાં બાધક છે. થોડા સમયનો સત્સંગ જાગૃત અને સત્પાત્ર જીવને આત્મજ્ઞાન કરાવી દે છે. નિશ્ચય સત્સંગ તે આત્મામાં ઉપયોગ જોડવો તે છે. માન-પ્રતિષ્ઠા-પૂજાની આગ સાધનાના જંગલને બાળી નાખે છે. ઉપયોગને અંતર્મુખ રાખવા પ્રયત્ન કરવો. જીવને અનુકૂળતામાં રાગનો કલેશ અને પ્રતિકૂળતામાં દ્વેષનો કલેશ હોય છે. મન-વચન-કાયામાંથી ઉપયોગને ખેંચીને આત્મામાં જોડવો તેનું નામ ગુપ્તિ. જ્ઞાનીઓ મોહનિંદ્રામાંથી આપણને જગાડે છે. પરમાં એકત્વબુદ્ધિ અને સુખબુદ્ધિને છોડો. દુનિયાના કાર્યોમાં જીવને પ્રમાદ થતો નથી ને ધર્મના કામમાં પ્રમાદ થાય છે ! આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી બધા જ્ઞાનનું નિષ્ફળપણું છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે ઉપશમ-વૈરાગ્ય અનિવાર્ય છે. મનુષ્યભવ એ અમૃત અને લાભના ચોઘડિયા સમાન છે. સંસાર એ પાપ-પુણ્યના આધારે ચાલે છે, જ્યારે આત્માની સાધના સત્પુરુષાર્થના આધારે ચાલે છે. આત્મસમાધિમાં પ્રચૂર સ્વસંવેદન હોય છે. ધ્યાન જ્યારે વિશેષપણે જામી જાય તેનું નામ સમાધિ. ચારિત્રદશા વધે તેમ ધ્યાન અને સમાધિ વધતાં જાય છે. જેટલો ઉપયોગ બહિર્મુખ તેટલો આસ્રવ-બંધ વધારે થશે. અંતર્ભેદજાગૃતિ એટલે નિશ્ચય સમ્યગ્દર્શન. આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય તો માનવભવનું મૂલ્ય કોઈ રીતે આંકી ન શકાય. જે સમયનો સદુપયોગ કરતાં શીખે છે તે માનવભવને સફળ કરે છે. મોક્ષનો માર્ગ શૂરવીરતાનો છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરે તો માનવભવની સફળતા છે. માટે આ ભવમાં જ આત્મજ્ઞાનપ્રાપ્તિનો દૃઢ નિર્ણય કરવો. બહિરાત્મા એ આત્મા કરતાં દેહને વધારે સાચવે છે. ઉપશમ અને વૈરાગ્ય ન હોવાથી ઉપયોગ આત્મા પ્રત્યે વળતો નથી. વિકલ્પોને કારણે નિર્વિકલ્પ ધ્યાનને ધક્કો લાગે છે. વારંવાર એવા નિમિત્તોમાં રહો કે જેથી આત્માની નિર્મળતા વધે. આપણે અનિત્ય પદાર્થો પાછળ અમૂલ્ય માનવભવ વેડફી નાખીએ છીએ. વૈરાગ્ય એ આત્મજ્ઞાનની માતા છે અને આત્મજ્ઞાન એ કેવળજ્ઞાનની માતા છે. પરમાં એકત્વબુદ્ધિ ન થાય તેનું નામ ત્યાગ.

**આત્માર્થી આદ. શ્રી પ્રકાશભાઈ ડી. શાહે** સ્વાધ્યાય આપતાં જણાવ્યું કે વૈરાગ્ય-ઉપશમ સહિત જ્ઞાનીના બોધને ગ્રહણ કરીએ તો આત્મજ્ઞાન થાય. હૃદયપૂર્વક એક ભવ સત્પુરુષાર્થ કરે તો આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય. જો અંતરની રુચિ અને જિજ્ઞાસા હોય તો રાત-દિવસ ધર્મ સાંભરે. આ કાળમાં ભક્તિ અને સત્સંગ એ આત્મપ્રાપ્તિના શ્રેષ્ઠ સાધનો છે. જ્ઞાનીનો બોધ આપણને સ્વરૂપ પ્રત્યે લઈ જાય છે, પણ આપણે સ્વરૂપનો લક્ષ અને નિશ્ચય કરી સત્પુરુષાર્થ કરવો જોઈએ. 'જાણનાર, દેખનાર, સુખ-દુઃખનો

અનુભવ કરનાર હું આત્મા છું' એમ શરીરથી આત્માને જુદો પાડતાં શીખો. ઈન્દ્રિયોના અલ્પ સુખને માટે જીવ અનંત દુઃખને ભેગું કરે છે. સત્સંગ કર્યાનું ફળ નિર્મળતા છે. નિર્મમત્વ આવે તો ધર્મ પરિણમે. નિર્મમત્વમાંથી સાચી સમતા અને વીતરાગતા આવે. સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષને તોબા કહે તો કોબા આવ્યા સાર્થક છે. ધર્મ જેવો જગતમાં કોઈ અમૂલ્ય પદાર્થ નથી. મોહ પાતળો પાડ્યા વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નહિ થાય. અબુધ અને અશક્ત મનુષ્યો પણ સત્પુરુષોના આશ્રયે તર્યા છે. સદ્ગુરુ આપણને પરમગુરુની ઓળખાણ કરાવે છે. સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષ ગરમ ભઠ્ઠી જેવા લાગે ત્યારે આત્મસાધના થઈ શકે. ઘર, કુટુંબ અને દેહના મહેમાન બનીને જીવો, માલિક થઈને નહિ. 'બધું મૂકીને જવાનું છે, મારું કાંઈ નથી' એમ વિચારવું. માનવભવ સંયમ અને મોક્ષની પ્રાપ્તિ અર્થે છે. હૃદયથી સત્પુરુષની વાણીનું શ્રવણ થાય તો પછી મનન અને નિદિધ્યાસન થાય. મહાપુરુષોના જીવનચરિત્રના પ્રસંગો વિચારવાં. સંસારમાં ફર્યો ઘણું પણ આત્મામાં ઠર્યો નહિ. ધર્મનો-આત્માનો રસ અનુભવે તે જ્ઞાની. ધર્મરસ ચાખ્યા પછી સંસાર ફિક્કો લાગે.

**● ભક્તિસંગીત :**

શિબિર દરમ્યાન યુવાભક્તિવૃંદ - કોબા, આદ. શ્રી જય અશોકભાઈ શાહ તથા આદ. શ્રી હર્ષદભાઈ પંચાલ તથા કોબા મુમુક્ષુવૃંદે ભક્તિરસ પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા.

**● પ્રકીર્ણ :**

શિબિર દરમ્યાન અભિષેક, ભાવપૂજા, સંધ્યાવંદન જેવા કાર્યક્રમો નિયમિતપણે યોજાયા હતાં. શિબિર દરમ્યાન સંસ્થાના પ્રકાશનો, 'દિવ્યધ્વનિ' માસિક તેમજ પૂજ્યશ્રીની વી.સી.ડી., ડી.વી.ડી. પર ૫૦ ટકા ડીસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. શિબિર દરમ્યાન આદ.શ્રી સુશીલાબેન કારાણી, આદ.શ્રી પારૂલબેન સંજયભાઈ શાહ તથા આદ.શ્રી મીનાક્ષીબેન (યુ.એસ.એ.) વગેરે મુમુક્ષુ બહેનોએ સુંદર બોધાત્મક રંગોળી બનાવી હતી. સંસ્થા સાથે જોડાયેલ સેવાભાવી આદ.શ્રી એન. સી. પટેલના સહયોગથી ક્રિષ્ના હોસ્ટેલ, સે.૨૬, ગાંધીનગરના સંચાલકશ્રી ભીખાભાઈ ચૌધરીએ ૧૧ જેટલા વિદ્યાર્થીઓને શિબિર દરમ્યાન સેવાયજ્ઞ માટે મોકલેલ, જે બદલ સંસ્થા વતી સર્વેને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. શિબિરને સફળ બનાવવામાં સહયોગ આપનાર સૌ પ્રત્યે સંસ્થા વતી આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

## આપણી સંસ્થામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (મેડિકલ સેન્ટર) નું ખાતમુહૂર્ત (ભૂમિપૂજન) સંપન્ન

આધ્યાત્મિક સાધના સાથે સમાજોપયોગી કાર્યો કરવાની સંસ્થાની નીતિ રહી છે. સંસ્થાના તેમજ સંસ્થાની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા જરૂરતમંદોને મેડિકલ ક્ષેત્રે સહાયભૂત થવાની ભાવનાથી સંસ્થામાં નિઃશુલ્ક પ્રાથમિક સારવાર કેન્દ્રનું આયોજન થઈ રહ્યું છે. આ કેન્દ્ર આશરે બે હજાર સ્કે. ફીટના બાંધકામમાં બનશે, જેમાં શારીરિક રીતે અશક્ત વ્યક્તિઓના પ્રવેશ માટે રેમ્પની વ્યવસ્થા હશે. આ કેન્દ્રમાં સારવાર રૂમ, કન્સલન્ટીંગ રૂમ, સ્ટરીલાયઝેશન રૂમ વગેરેની ખાસ વ્યવસ્થા રાખવામાં

આવશે. આ ઉપરાંત પ્રાથમિક સારવાર માટે જરૂરી ચીજો જેમ કે ઓક્સિજન, ડ્રીપ ચડાવવાની વ્યવસ્થા, પ્રાથમિક દવાઓ અને ઈન્જેક્શનો, વ્હીલચેર તથા સ્ટ્રેચરની પણ સુવિધાઓ હશે. સંસ્થા સાથે સંલગ્ન દાક્તરો અને વીઝીટીંગ દાક્તરોના સહકાર માટે પ્રયાસ કરવામાં આવશે.

તા. ૧૪-૨-૨૦૧૧ ના દિવસે મેડિકલ સેન્ટરનું ખાતમુહૂર્ત (ભૂમિપૂજન) મુખ્ય દાતા **આદ.શ્રી અજયભાઈ નવીનભાઈ શાહ** તથા તેમના ધર્મપત્ની **આદ.શ્રી મનિષાબેન**ના વરદ હસ્તે કરવામાં આવ્યું, આપણી સંસ્થાને સમર્પિત આદ. મુમુક્ષુવર્ય શ્રી નવીનભાઈ શાહ તરફથી મળેલો ધર્મનો વારસો તેમના સુપુત્ર શ્રી અજયભાઈએ જાળવી રાખ્યો છે. સમાજસેવાના આ કાર્યમાં સુંદર આર્થિક સહયોગ આપવા બદલ સંસ્થા તરફથી આદ.શ્રી અજયભાઈ તથા આદ. શ્રી મનિષાબેનને સાભાર ધન્યવાદ પાઠવવામાં આવે છે.

અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિધિપૂર્વક ભૂમિપૂજન સંપન્ન થયું. વિવિધ મંત્રોચ્ચાર તથા નવગ્રહ શાંતિના અર્ઘ વચ્ચે પવિત્ર વાતાવરણ સર્જાયું હતું.

આ પ્રસંગે **પૂજ્યશ્રી આત્માનંદજી**એ જણાવ્યું હતું કે સંસ્થાના નામ પ્રમાણે સાધના એ મુખ્ય લક્ષ છે, સાથે સાથે સમાજસેવા એ ગૌણ લક્ષ છે. સંસ્થા દ્વારા છાશ વિતરણ, કપડાં વિતરણ, મેડિકલ કેમ્પ વગેરેના આયોજન દ્વારા સમાજનો ઉત્કર્ષ થાય તેવા પ્રયત્નો પણ કરવામાં આવે છે. જરૂરતમંદોને નિઃશુલ્ક મેડિકલ સેવાઓ મળી રહે, તેમને દૂર ન જવું પડે તે માટે આ મેડિકલ સેન્ટર શરૂ કરીએ છીએ. મહાપુરુષોની કૃપા અને આપ સૌના સહયોગથી નિર્વિઘ્ને કાર્ય પૂર્ણ થાય તેવી શુભ ભાવના.

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબહેન સોનેજી**એ જણાવ્યું હતું કે આદ.શ્રી અજયભાઈ અને આદ.શ્રી મનિષાબેને મેડિકલ સેન્ટર માટે સુંદર આર્થિક સહયોગ આપીને આદ.શ્રી નવીનભાઈ શાહ તથા આદ.શ્રી ઊર્મિલાબેનનો સુસંસ્કારોનો વારસો જાળવી રાખ્યો છે. આદ.શ્રી નવીનભાઈના કુટુંબ દ્વારા સત્કાર્યો થતાં રહે અને ધર્મમાર્ગે આગળ વધતાં રહે તેવી શુભેચ્છાઓ.

**આદ. વિદ્વદ્વર્ય શ્રી મણિભાઈ શાહે** જણાવ્યું કે પૂજ્યશ્રીની જન્મકુંડળીમાં બારમા ભાવે કેતુ છે, જે મોક્ષ તરફ લઈ જાય. પૂજ્યશ્રી સાધના કરીને ભાવિમાં પૂર્ણ મોક્ષને પ્રાપ્ત કરે તેવી શુભ ભાવના.

સંસ્થાની કાર્યવાહક સમિતિના પ્રમુખ **આદ.શ્રી પ્રકાશભાઈ એચ. શાહે** પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે જરૂરતમંદોને નિઃશુલ્ક મેડિકલ સેવાઓ પૂરી પાડી શકાય તે હેતુથી મેડિકલ સેન્ટર શરૂ કરવામાં આવે છે. આ સેન્ટર માટે જેઓએ ખૂબ પ્રેમભાવથી આર્થિક સહયોગ આપ્યો છે તેમનો ખૂબ આભાર માનું છું.

આ કેન્દ્રના બાંધકામ, મેડિકલ ઈક્વીપમેન્ટ, દવાઓ ઉપરાંત તેના નિભાવખર્ચમાં સ્વનિર્ભર બની શકે તે માટે કોર્પસનું આયોજન કરવાની ભાવના છે. આ માટે રૂા. ૧૦૦૦ ની એક એવી પાંતી નક્કી કરવામાં આવી છે. વિશેષ માહિતી મેળવવા માટેના સંપર્ક સૂત્રો :

(૧) શ્રી નીતિનભાઈ પારેખ (મો) ૯૮૨૦૩૨૯૨૭૭ ● (૨) શ્રી પ્રકાશભાઈ એચ. શાહ (મો) ૯૮૨૪૦૩૪૬૮૦ ● (૩) ડૉ. શ્રી અજયભાઈ શાહ (મો) ૯૮૨૪૦૫૪૩૨૧ ● (૪) ડૉ. શ્રી રાજેશભાઈ સોનેજી (મો) ૯૮૨૪૦૪૭૬૨૧.

## શ્રી આત્મસિદ્ધિપારાયણ

**[૧]** તા. ૬-૨-૨૦૧૧ ના રોજ સંસ્થાને સમર્પિત મુમુક્ષુવિશેષ આદ.શ્રી જયંતીભાઈ / પુષ્પાબેન શાહ પરિવાર તરફથી આદ. શ્રી જયંતીભાઈ વી. શાહના નાનાભાઈ શ્રી હસમુખભાઈ (મોમ્બાસા-કેન્યા) ના સુપુત્ર **સાગરભાઈ**ના આત્મશ્રેયાર્થે શ્રી આત્મસિદ્ધિપારાયણ રાખવામાં આવ્યું હતું. પારાયણ પછી પૂજ્યશ્રીના સ્વાધ્યાયની વિડીયો કેસેટ રાખવામાં આવી હતી; જેમાં 'અપૂર્વ અંતરસંશોધન' એ વિષય ઉપર પૂજ્યશ્રીએ મનનીય બોધ આપ્યો હતો. પૂજ્યશ્રી પણ થોડો સમય માટે સ્વાધ્યાય હોલમાં પધાર્યા હતા અને આ કેસેટના આધારે જ વિશેષ સમજણ આપી હતી. તેમાં ચાર મુદ્દા સમજાવ્યા હતા. (૧) કોઈ મહાભાગ્યવાનને, (૨) મહદ્‌પુણ્યના ઉદયે, (૩) સદ્‌ગુરુ અનુગ્રહે અને (૪) અપૂર્વ અંતરસંશોધનથી જીવને 'ધર્મ' પ્રાપ્ત થાય છે. (આધાર શ્રી રા.વ.પ. ૪૭)

પારાયણ બાદ આદ.શ્રી જયંતીભાઈ શાહ પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

**[૨]** આપણી સંસ્થાના આત્મીયજન **સ્વ. રમણિકલાલ યુ. શેઠ**ની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે આદ. શ્રી મધુબેન રમણિકલાલ શેઠ પરિવાર તરફથી સંસ્થામાં તા. ૨૭-૨-૨૦૧૧ ના દિવસે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. પારાયણ બાદ પૂજ્યશ્રીની વિડીયો કેસેટ મૂકવામાં આવી હતી. પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે રમણિકકાકા સંસ્થાની સ્થાપનાના આધારસ્તંભો પૈકીના એક હતા. છેલ્લા પાંચ-સાત વર્ષોથી તેઓ મોટેભાગે સંસ્થામાં જ રહેતા. તેઓએ સંસ્થામાં ૧૨ વર્ષ સુધી ભક્તિનું ડિપાર્ટમેન્ટ સંભાળ્યું હતું. સંસ્થામાં તેઓ તત્પરતાથી સેવાઓ કરતા. ભક્તિપ્રધાન અને સરળતાયુક્ત તેઓનું વ્યક્તિત્વ હતું. તેઓના સદ્‌ગુણોને આપણે જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ. આ પ્રસંગે આદ.શ્રી મધુબેન રમણિકલાલ શેઠ પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું તેમજ રૂા.૧૦ ની પ્રભાવના કરવામાં આવી હતી.

## હાર્દિક શુભેચ્છા

'દિવ્યધ્વનિ' ના આજીવન સભ્ય તથા સંસ્થાના શુભેચ્છક આદ.શ્રી લખમશી મેઘજી જૈનની શેઠ આણંદજી કલ્યાણજી જૈન દેરાસર ટ્રસ્ટ, કલિકટમાં ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તેઓશ્રીના વરદ હસ્તે ધર્મના કાર્યો થતાં રહે તેવી કોબા પરિવારની હાર્દિક શુભેચ્છા.

## વૈરાગ્ય સમાચાર

### [૧] પૂજ્ય લખમશીદાદાની સંલેખના (સંથારો)

સદ્‌ગુણોની સુવાસથી જીવનને મહેકતું બનાવી, જીવનને સાર્થક કરનારા **પૂજ્ય લખમશીદાદા**નો સંથારો તા. ૨૩-૧-૨૦૧૧ ના રોજ સીઝી ગયો. તેઓશ્રીનો જન્મ ૮ માર્ચ ૧૯૨૦ માં ડુમરા ગામના મૂલબાઈ દેવશી કાનજી કારાણી પરિવારમાં થયો હતો. તેઓ ઉત્તરોત્તર પોતાના જીવનનો વિકાસ સાધતા રહ્યા. તેઓ માત્ર તેમના પરિવારના જ નહિ પરંતુ સામાજિક ક્ષેત્રે પ્રત્યેકના દિલનો દિલાસો,




મનનો વિસામો અને અંતરનો આશરો હતા. તેઓનું તન તત્ત્વમય અને મન મહાવીરમય હતું. નાની વયથી જ પરિશ્રમ સાથે તેઓએ પ્રીત કરી. ૧૮ વર્ષની વયે તેઓ મુંબઈ આવ્યા અને મુંબઈને કર્મભૂમિ બનાવી. નામ અનુસાર ગુણવાળા મીઠીબાઈ તેઓના ધર્મપત્ની હતા.

નાની વયથી જ તેઓમાં સાહસિકવૃત્તિ, નીડરતા અને નિર્ણયમાં અડગતા જેવા ગુણો દૃષ્ટિગોચર થયા હતા. તેઓએ ડિફેન્સ અને ઓટોબોમાઈલ પાર્ટસ બનાવવાની ફેક્ટરી શરૂ કરી હતી. પોતાની જન્મભૂમિ ડુમરા ગામમાં ડેમ બનાવ્યો તેમજ અતિથિગૃહ, ભોજનશાળા, હાઈસ્કુલ, કન્યાશાળા અને બોર્ડિંગ બનાવવામાં પણ અગ્રેસર રહી જન્મભૂમિનું ઋણ અદા કર્યું. દુકાળના સમયે તેઓ મજૂરોને સુખડીનું વિતરણ કરતા. છેલ્લા ૧૮ વર્ષથી તેઓ માત્ર ફળ, કાચા શાકભાજી અને દૂધ વાપરતા હતા. તેઓશ્રીએ પોતાના જીવનમાં કદી પણ સન્માન સ્વીકાર્યું નહોતું.

છેલ્લા ત્રણ વર્ષથી તેઓ કોબા આશ્રમમાં રહેતા હતા અને સંતશ્રી આત્માનંદજીને ગુરુ માની તેઓના સાન્નિધ્યમાં આત્મસાધનાનો ઉગ્ર પુરુષાર્થ કરતાં હતા. કોબામાં રહ્યા ત્યાં સુધી તેઓ માત્ર દૂધ અને કેળા જ આહારમાં લેતા. તેઓ શ્રાવક તરીકે બાર વ્રતોનું પાલન કરતા અને કોબામાં નિયમિત દેરાસરમાં સેવાઓ આપતા. તેઓનો પરિગ્રહ ઘણો ઓછો હતો.

તેઓનું મન તો કોબામાં જ રહેવાનું હતું પણ સારવાર કરાવવા માટે તેમના કુટુંબીજનો સાથે મુંબઈ જવા માટે તેમણે સંમતિ આપી હતી.

મુંબઈથી તેઓ પૂજ્યશ્રીને વંદન કરવા નિયમિત ફોન કરતા. સંલેખના (સંથારા) નો તેઓએ અભિગ્રહ કર્યો ત્યારે આજ્ઞા અને આશીર્વાદ લેવા તેઓએ પૂજ્યશ્રીને ફોન કર્યો હતો. તેઓની સંલેખના પંદર દિવસ ચાલી. તે દરમ્યાન તેઓ પ્રભુ-ગુરુ અને આત્મસ્મરણમાં જ રહેતા હતા. ખૂબ શાંતિપૂર્વક, સમતાભાવે તેઓશ્રીએ નશ્વર દેહનો ત્યાગ કર્યો. તેઓનું ધર્મમય જીવન સૌને પ્રેરણાદાયી છે. સુંદર ધર્મમય જીવન જીવનાર અને મૃત્યુને મંગલમય બનાવનાર પૂજ્ય લખમશીદાદાને સમગ્ર કોબા પરિવાર ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે અને તેઓની મોક્ષયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી પરમકૃપાળુ પરમાત્માને ભાવપૂર્વકની પ્રાર્થના કરે છે. પૂ. લખમશીદાદાના આત્મશ્રેયાર્થે તેઓના કુટુંબીજનો તરફથી સંસ્થાને ૪૬,૭૦૦/- રૂપિયાનું દાન મળેલ છે, જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે. આ ઉપરાંત સંસ્થાના કર્મચારીઓ માટે પણ રૂા. ૧૦,૦૦૦/- નું દાન આપેલ છે.




**[૨] અમદાવાદ :** મૂળી ગામના વતની **શ્રી મનહરલાલ કરસનદાસ દોશી** મહાસુદ ત્રીજ સંવત ૨૦૬૭ ના રોજ ૮૩ વર્ષની ઉંમરે અરિહંત શરણ પામેલ છે. પોતાની સૂઝ અને આવડતથી તેઓ વ્યાપારના ઉચ્ચ શિખર પર પહોંચી ગયા હતા. તેઓશ્રીએ ૭ વર્ષ સુધી કામાણી જૈન ભવન, કોલકાતામાં મંત્રી તરીકે અને ઝાલાવાડી જૈન મિત્ર મંડળ, કોલકાતામાં ૩ વર્ષ પ્રમુખ તરીકે સેવાઓ બજાવી હતી. કોલકાતામાં

સંસ્કાર શિશુ જૈન શાળા શરૂ કરવામાં તેમનો મુખ્ય અને અમૂલ્ય ફાળો હતો.

વિ.સં. ૨૦૫૭ થી તેઓ અમદાવાદ સ્થાયી થયા અને પોતાના જીવનને સત્સંગ અને સ્વાધ્યાયમાં જોડી દીધું. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના તેઓ અનન્ય ભક્ત હતા. તેઓના ધર્મપત્ની વસંતબેને ધર્મકાર્યમાં તેમને પૂરો સાથ અને સહકાર આપ્યો હતો. તેઓ મોટા પાયે ગુપ્તદાન કરતા હતા. કોલકાતા તથા ગુજરાત-સૌરાષ્ટ્રની સ્વૈચ્છિક સંસ્થાઓને તેઓશ્રીએ સારા પ્રમાણમાં આર્થિક સહાય કરી હતી. સમાજ તથા ધર્મ માટે કંઈ કરી છૂટવા તેઓ તત્પર રહેતા. સાધુ-સંતો સાથે નિયમિતપણે તેઓ ધાર્મિક ચર્ચા-વિચારણા કરતા હતા. તેઓ છેલ્લા ૩૦ વર્ષથી પૂજ્યશ્રી આત્માનંદજીના પરિચયમાં હતા. કોલકાતામાં કામાણી ભુવનમાં પૂજ્યશ્રીના સ્વાધ્યાયના આયોજનમાં તેઓશ્રીનો મુખ્ય સહયોગ રહેતો. પૂજ્યશ્રી રચિત 'અર્વાચીન જૈન જ્યોતિર્ધરો' પુસ્તકના વિમોચન વખતે તેઓ ખાસ મુંબઈ આવ્યા હતા. અમદાવાદ સ્થિર થયા પછી તેઓ સત્સંગ અર્થે અનુકૂળતાએ કોબા પધારતા તેમજ શ્રી સદ્‌ગુરુપ્રસાદ, અમદાવાદ મુકામે પણ સત્સંગ માટે આવતા હતા. તેઓશ્રી ધર્મપરાયણ, વહીવટદક્ષ, સદ્‌ગુણસંપન્ન બહુઆયામી વ્યક્તિત્વધારક સાધક હતા. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને અત્યંત આદરભાવ હતો. તેઓશ્રીએ શાંતિપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કર્યો. તેઓના આત્મશ્રેયાર્થે તેઓના પરિવારજનો તરફથી સંસ્થાને રૂા. ૨૧,૦૦૦/- નું જ્ઞાનદાન મળ્યું છે; જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેમજ જલદીથી તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૩] ભાવનગર :** પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ઉપાસક, રાજકોટ નિવાસી (હાલ ભાવનગર) **શ્રી વીરચંદભાઈ વીરપાળભાઈ દોમડિયા** ૯૮ વર્ષની વયે તા. ૧૦-૧-૨૦૧૧ ના રોજ અમદાવાદ મુકામે અરિહંતશરણ પામ્યા છે. સદ્‌ગતશ્રીએ વર્ષો પહેલાં રાજકોટમાં દીવાનપરામાં શ્રી જયંતીભાઈ ભીમાણી સાથે શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુમંડળની સ્થાપના કરેલી અને શ્રીમદ્ રાજચંદ્ર સમાધિમંદિર ટ્રસ્ટ (રાજકોટ) ના આદ્યટ્રસ્ટીઓમાંના એક હતા. રાજકોટના નવનિર્મિત શ્રીમદ્ રાજચંદ્ર સમાધિમંદિરનાં નવનિર્માણમાં તેમણે નિષ્ઠા અને ભક્તિભાવપૂર્વક સહયોગ આપેલો, અને તેનું ભૂમિપૂજન પણ તેમના જ હસ્તે થયેલું. તેમનું સમગ્ર જીવન ધર્મધ્યાન અને દાનપુણ્યમાં વીત્યું. તેઓ 'દિવ્યધ્વનિ' ના આજીવન સભ્ય હતા. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ અર્પે અને મોક્ષપંથની તેઓની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૪] નવા કોબા :** આપણી સંસ્થાના સન્નિષ્ઠ કર્મચારી શ્રી દશરથભાઈ પટેલના પિતાશ્રી **અંબાલાલ રણછોડદાસ પટેલ**નું તા. ૧૬-૨-૨૦૧૧, બુધવારના દિવસે ૭૫ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ સંસ્થાના ભોજનાલયમાં અવારનવાર લાડુ-ફૂલવડી બનાવવા આવતા તેમજ ડિસેમ્બરની શિબિરનો લાભ લેતા. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.


## સંસ્થા દ્વારા આયોજિત ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિરની તસવીરો (તા. ૧૨-૨-૧૧ થી ૧૪-૨-૧૧)



પૂજ્યશ્રીની પાવન નિશ્રા



પૂજ્યશ્રી ગોકુળભાઈ



આદ.શ્રી પ્રકાશભાઈ ડી. શાહ

### ભક્તિસંગીતની વેળાએ



યુવાભક્તિવૃંદ - કોબા



આદ. શ્રી જય અશોકભાઈ શાહ



આદ. શ્રી હર્ષદભાઈ પંચાલ



શિબિરમાં સેવાઓ પૂરી પાડનાર
ક્રિષ્ના હોસ્ટેલ, ગાંધીનગરના સંચાલક
શ્રી ભીખાભાઈ ચૌધરી અને વિદ્યાર્થીઓ



પૂજ્યશ્રીના સ્વાસ્થ્ય માટે શુભેચ્છા વ્યક્ત
કરતા પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજ



પૂજ્યશ્રીના ખબરઅંતર પૂછતાં પૂજ્યશ્રી દીપકભાઈ

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2009-11 issued by SSP Ahmedabad valid upto 31-12-2011
Licence to post without prepayment No. CPMG/GJ/36/2009-11 Valid upto 31-12-2011


**સંસ્થામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (મેડિકલ સેન્ટર)ના ખાતમુહૂર્ત (ભૂમિપૂજન)ની વેળાએ (તા. ૧૪-૨-૧૧)**





**સંસ્થા દ્વારા પ્રસ્તાવિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર**





**પૂજ્ય લખમશીદાદાની સંલેખના (સંથારા)ની વેળાએ**

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

**'દિવ્યધ્વનિ' માર્ચ-૨૦૧૧ ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ**

# આદ. શ્રી તરુલતાબેન ધરમદાસ ગાંધી (મુંબઈ)

**તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.**

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shreemad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah